વિશેષાંક-૦૪

વિશેષાંક : ૦૪ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪

દશનામ

સરક્યુલર

"સમાજશ્રેષ્ઠી દીપોત્સવી વિશેષાંક"

શ્રી દશનામ ગોસ્વામી

સમાજશ્રેષ્ઠીઓનો જીવન પરિચય...



વિશેષાંક-૦૪

વિશેષાંક : ૦૪ ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪

દશનામ

સરક્યુલર

“સમાજશ્રેષ્ઠી દીપોત્સવી વિશેષાંક”

શ્રી દશનામ ગોસ્વામી

સમાજશ્રેષ્ઠીઓનો જીવન પરિચય...



દશનામ

સરક્યુલર

વર્ષ : ૦૩ * સળંગ અંક : ૩૨

દીપોત્સવી વિશેષાંક : ૦૪

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૪

તંત્રી

લલિતપુરી રામપુરી ગોસ્વામી

મો. 98985 50833

સહતંત્રી

રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી 'સારથિ'

મો. 99878 22505

E-mail

dashnamcircular@gmail.com

પ્રકાશન અને સંકલન

લલિતપુરી આર. ગોસ્વામી

જામજોધપુર / સુરત.

ડિઝાઈન

જી.પબ્લીકેશન્સ

સુરત.

પ્રાપ્તિ સ્થાન

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

તંત્રીલેખ...

દશનામ પરિવારજનો તેમજ વાચક મિત્રો,

દીપોત્સવી પર્વની ખૂબ ખૂબ શુભેચ્છાઓ તથા નૂતન વર્ષના ૐ નમો નારાયણ.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજના પ્રસિદ્ધ ઈ-મેગેઝિન **''દશનામ સરક્યુલર''** દ્વારા દશનામ ગોસ્વામી સમાજનું નામ રોશન કરતા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ નિઃસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા ગુજરાતભરના મહાનુભાવોનો જીવન પરિચય આપતો વિશેષાંક **''સમાજશ્રેષ્ઠી દીપોત્સવી વિશેષાંક-૪''** આપ સમક્ષ પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ અંક વિશે આપના અભિપ્રાય જરૂર જણાવશો.

આપણાં દશનામ સમાજના **સમાજ સેવકો, કથાકાર, ડૉક્ટર, શિક્ષક, ભજનિક, મહિલા મંડળ, ખેલાડીઓ, સંતો-મહંતો, ચેતન સમાધિઓ, શૂરવીરો, કલાકારો વગેરે મહાનુભાવોના જીવન પરિચય** સહિતના વિવિધ સાહિત્યિક વિશેષાંકો બનાવવામાં આવી રહ્યા છે.

આપ કોઈપણ ક્ષેત્રમાં વૈવિધ્ય સભર કાર્ય કરતા હોવ તો સંપર્ક કરવા વિનંતી.

ઉદ્દેશ્ય માત્ર એટલો જ કે નિઃસ્વાર્થ ભાવે સેવા બજાવતા કર્મઠ માનવોને સમાજ જાણે, પ્રેરણા મળે, સમાજમાં પોઝિટિવિટી આવે, એકતા વધે.

આપણા ભવ્ય ઈતિહાસને તાજો કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ આપ સૌને ગમશે એવી આશા સાથે...

ૐ નમો નારાયણ.

તંત્રીશ્રી

લલિતપુરી રામપુરી ગોસ્વામી

સહતંત્રીશ્રી

રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી "સારથિ"

દીપોત્સવી વિશેષાંક

... અનુક્રમણિકા ...

દીપોત્સવી વિશેષાંક

દશનામ
સરક્યુલર

"દીપોત્સવી વિશેષાંક / સમાજશ્રેષ્ઠી વિશેષાંક"

દશનામ પરિવારજનો તેમજ વાચક મિત્રો,

દીપોત્સવી પર્વ તેમજ નૂતનવર્ષની આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે ૐ નમો નારાયણ.

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે દશનામ ગોસ્વામી સમાજના પ્રસિદ્ધ ઈ-મેગેઝિન **"દશનામ સરક્યુલર"** દ્વારા દશનામ ગોસ્વામી સમાજનું નામ રોશન કરતા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો તેમજ નિઃસ્વાર્થ ભાવે સમાજ સેવા કરતા ગુજરાતભરના મહાનુભાવોનો જીવન પરિચય આપતો વિશેષાંક **"દીપોત્સવી વિશેષાંક / સમાજશ્રેષ્ઠી વિશેષાંક-૪"** પ્રકાશિત થઈ ચૂકયો છે. દરેક સમાજશ્રેષ્ઠી વિશેષાંકને આપ સૌના તરફથી ખૂબજ આવકાર મળે છે, તે બદલ આપ સૌ વાચક મિત્રો તેમજ જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ ધન્યવાદ. આ અંક વિશે આપના અભિપ્રાય જરૂર મોકલશો.

આપણાં ગોસ્વામી સમાજના **સમાજ સેવકો, કથાકાર, ડૉક્ટર, શિક્ષક, ભજનિક, મહિલા મંડળ, ખેલાડીઓ, સંતો-મહંતો, ચેતન સમાધિઓ, શૂરવીરો, કલાકારો, વગેરે મહાનુભાવોના જીવન પરિચય** સહિતના વિવિધ સાહિત્યિક વિશેષાંકો બનાવવામાં આવી રહ્યા છે. આપ કોઈપણ ક્ષેત્રમાં વૈવિધ્ય સભર કાર્ય કરતા હોવ તો સંપર્ક કરવા વિનંતી.

"દશનામ સરક્યુલર" ઈ-મેગેઝિનનું કોઈ લવાજમ કે ફી લેવામાં આવતી નથી, તદ્દન નિઃશૂલ્ક ઓનલાઈન પ્રકાશિત કરવામાં આવે છે. આપને નિયમિત અંક મળતો રહે તે માટે આ મેગેઝિનમાં આપેલ લિંક દ્વારા આપ ડાઉનલોડ કરી શકો છો. ધન્યવાદ.

ૐ નમો નારાયણ.

તંત્રીશ્રી
લલિતપુરી રામપુરી ગોસ્વામી
(M.: 98985 50833)

સહતંત્રીશ્રી
રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી "સારથિ"
(M.: 99878 22505)

e-mail : dashnamcircular@gmail.com

દીપોત્સવી વિશેષાંક

જય હો બુદ્ધગિરિ બાપુ



જય હો બુદ્ધગિરિ બાપુ

:: ભજન ::

અલખ નિરંજન બમ બમ બોલે,
આવે નહીં કોઇ એની તોલે,
અદલ એંધાણીએ બાવલિયો આવ્યો,
હર હર નાદ જગાવ્યો રે..
બુધ્દ્ગિરિ બાવાની જય જય હો..
જય હો..

અંગે વિભૂતિ, ડમરુ વાળો,
ત્રિશૂળ ને વળી છે જટાળો,
ખભે એને ભૈરવ ઝોળી,
સંગે ભક્તોની છે ટોળી,
આવ્યો મોંઘી માંનો જાયો,
હર હર નાદ જગાવ્યો રે,
બુધ્દ્ગિરિ બાવાની જય જય હો,
જય હો...

ભાંગ, ધતૂરો ને ગાંજો ધરાવ્યો,
ધર્મનો ધુણો ધખાવ્યો રે,
મોહક મુખડું, ને રંગે રૂપાળો,
ભોળો પણ હરખાયો રે
હર હર નાદ જગાવ્યો રે...
બુધ્દ્ગિરિ બાવાની જય જય હો,
જય હો..

મોટી વડાળ ગામ ને કુળ દશનામી,
ગુરુ વસુગિરિ નામ દિપાયો,
" સારથિ" તારાં પાય પખારે,
ધન્ય ધન્ય ધરા પોંખાયો રે,
હર હર નાદ જગાવ્યો રે,
બુધ્દ્ગિરિ બાવાની જય જય જય,
જય હો...

-રમેશ ગોસ્વામી "સારથિ"



શ્રી પંચ દશનામ જૂના અખાડા જૂનાગઢ, થાણાપતિશ્રી

પરમ પૂજ્ય શ્રી બુદ્ધગિરિજી

ગુરૂપિતા પરમ પૂજ્ય શ્રી વસુગિરિ બાપુ

પુર્વાશ્રમ: બુદ્ધગિરિ દલપતગિરિ મનરૂપગિરિ ગોસ્વામી
(જન્મ: મોટી વડાળ, મહુવા, ભાવનગર.)

બેસણાં: પંચ દશનામ જૂના અખાડા, જૂનાગઢ.

રાજસ્થાનનાં રાજવી પીપાજીને સંસાર ખારો ઝેર લાગ્યો એટલે સાધુ બનીને ભ્રમણ કરતા કરતા ગુજરાતમાં આવીને અલખની ધૂણી ધખાવી. ભજન, ભોજનમાં નવરા પડે એટલે ત્રિકમ,પાવડો લઈને બાપુ કૂવો ખોદવા લાગી જાય. એકલે હાથે કૂવો ખોદ્યો. આ કૂવાનું નામ પીપાવાવ પડ્યું અને પછી તો ગામનું નામ પણ પીપાવાવ પડ્યું.

આવા અલગારી આત્માની જગ્યાને અડીને એક નદી ખળખળ વહે. નામ એનું ઝોલાપુરી. બારેમાસ વહેતી આ જીવતી સતી નદી અનેક ગામડાં ખુંદતી ઊછળતી કૂદતી મોટી વડાળ ગામમાં પધારે.

મોટી વડાળ ગામમાં ખુમાણોનું રાજ તપે. બાર ગામનું રજવાડું. ભગવાન ખુમાણ રાજા. એક સમયે કાળમો દુષ્કાળ પડયો. રૈયત અને રાજવી ત્રાહિમમ પોકારી ઉઠયાં છે. કંઈ સૂઝતું

દીપોત્સવી વિશેષાંક

નથી. ભગવાન ખુમાણ મોતને વહાલું કરવા નીકળ્યા. એમાં કુદરતને કરવું છે, અમરગિરિ બાપુનાં આશ્રમે જઇ ચડ્યા. બાપુ પારખી ગયા:-

"કાં રાજન, કેમ કટાણું મોઢું કર્યું છે? રાજકાજમાં કંઈ અવધા?"

ખુમાણનાં મુખે થી શબ્દો સર્યા:

"બાપુ, દુકાળ પડ્યો છે. ખાવા ધાન નથી રહયાં. રૈયત રઝળે છે. કંઈ સૂઝતું નથી. મોતને ભેટવા જાઉં છું. ન દેખવું, ન દાઝવું."

અમરગિરિ બાપુએ ખડખડ દાંત કાઢ્યા.:

"હાં હાં રાજવી, ઘણી ખમ્મા. કવેણ કાં કાઢો છો. જાઓ, નિરાંતે મહેલમાં જાઓ. કોઠાર પર કપડું ઢાંકીને જોઈએ એટલું અનાજ કાઢતા રહેજો. જોજો, કપડું હટાવતા નહીં. મારો મહાદેવ બેઠો છે ચપટી ભભૂત મેં ખજાના કુબેર કા... વાળો."

ભગવાનજી ખુમાણ નવી નવાઈથી બાવાજીની ફરકતી સફેદ દાઢી જોઈ રહ્યા.

બધું કરી લીધું, હવે આ પણ કરી લઈએ. બાકી જમનાં પાડે બેસી જવા તલપાપડ હતા જ...

અવધૂત સાધુએ કહ્યું એમ કર્યું. પછી તો રૈયત અને રાજવી, બધાએ ચમત્કારી ધાન ખાધું...


આવા સિધ્ધ મહા પુરુષે એકવાર નદીને આશિર્વાદ આપ્યા હતા,

જાઓ, અખંડ વહેતી રહો....!

એ ઝોલાપુરી નદી આજે પણ ખળખળ કરતી વહે છે અને અમરગિરિ બાપુનાં આશ્રમ પાસેથી પસાર થાય છે.

દતગિરિ ગણેશગિરિ ગોસ્વામી બાપુથી શરૂ થયેલ ધર્મની જ્યોત આજે વિરાટ સ્વરૂપ પામી છે. દતગિરિનાં બે દીકરા, મનરૂપગિરિ, દેવગિરિ. મનરૂપગિરિનાં સાત દીકરા, એક દીકરી. દેવગિરિનાં પાંચ દીકરા, એક દીકરી. આજે અઢીસો માણસોનો પરિવાર છે. ખૂબ એકતા છે.

આ પરિવારમાં અનેક સિધ્ધ મહા પુરુષો થઇ ગયા. ત્રીપાંખ સાધુ સમાજનાં આદરણીય પ્રમુખ શ્રી વૈકુંઠગિરિ બાપુ સમાજ સેવાની આહલેક જગાવી રહ્યા છે, એમની મુલાકાત આપણે ગતાંકમાં કરી. ફાટેલ ફકીરીની જ્વાળા જેવા મહેશગિરિ



બાપુ કાલાવડ શીતળા ધામનાં મહંત છે.

આ પરિવારમાંથી આવતા પુજ્ય શ્રી બુધ્ધગિરિ બાપુનાં આવો, શબ્દ દર્શન કરીએ...

સંત ન હોત સંસાર મેં તો જલી જાત બ્રહ્માંડ, જ્ઞાન કેરી લહર સે ઠારત ઠામો ઠામ.

આદિ કાળથી ધર્મને ટકાવી રાખવા ઈશ્વરીય આજ્ઞા થી સંતોનાં અવતરણ થતાં રહયાં છે. સાધુ, સંતોની અનાદી કાળથી પરંપરા ચાલી આવે છે, એને સુ-સંગઠિત કરીને આદિ જગદગુરુ શંકરાચાર્યજી ભગવાને એક એવા સમાજનું નિર્માણ કર્યુ, જેનો ઉદ્દેશ્ય જ ધર્મનો પ્રચાર, પ્રસાર હોય. દશનામ ગોસ્વામી સમાજ. વિશ્વનો એકમાત્ર એવો સમાજ, જેનો વિધિવત પ્રારંભ થયો હોય, વિશ્વનો એકમાત્ર એવો સમાજ, જે ભારત સહિત વિશ્વના કોઈ પણ ખૂણે વસતા ગોસ્વામીઓ દશનામનાં નેજા હેઠળ જ આવે. ઈતર જ્ઞાતિઓ, સમાજો પંથક બદલે એટલે અટક ફરી જાય. પણ ગોસ્વામી કયાંય પણ જાય એ દશનામી જ રહે. ખભે ભગવી શાલ એ મૂળભૂત ઓળખ. મહાદેવની પેઢી દર પેઢી પુજા કરવી એ જ ધર્મ આજ્ઞા. ઈતિહાસમાં ગોસ્વામી સમાજને જોઇએ એટલું મહત્વ મળ્યું નથી. સનાતન ધર્મ ટકાવી રાખવામાં દશનામ ગોસ્વામી સમાજનો સિંહ ફાળો છે. પુજા - અર્ચના કરીને, કપરા સંજોગોમાં પણ ધર્મની ભગવી ધ્વજા ફરકતી રાખી. આજે પણ ગામડે ગામડે દશનામીઓ મહાદેવની પૂજા કરે છે. સંતનાં દરજ્જા પ્રાપ્ત આવા સમાજમાં ગુજરાતમાં દરેક પરિવારમાં મહાન વિભૂતિઓએ અવતરણ કર્યાં છે. જીવતાં સમાધિ લીધી છે. રાજાશાહી વખતમાં દરેક રાજાઓને ગુરૂઓ હતા.

ગુરુ બિન જ્ઞાન ન ઉપજે...

આવો જીવન દર્શન કરીએ, મળીએ આવા જ અવતારી મહાપુરુષને...

દાયકાઓ પહેલાંની વાત છે. નાનકડા ગામડાનો એક તરુણ અવસ્થાનો બાળક જાણે કે "કંઇક" ભાળી ગયેલ છે. કોઈ નાદ ગુંજી રહ્યો છે.

એક બાજુ જ્યાં બધા જ ધન , કીર્તિ , મોહ, મદમાં રચ્યા પચ્યા છે, ત્યાં આ બાળકને આ બધું અજબ ગજબ ખેલ જેવું લાગે છે. મુગ્ધ બાળકને કંઇક ઇશ્વરીય સંકેત













મળી ગયો છે. લગ્ન કરવાં, બાળકો, ધન ઉપાર્જન કરવું...આ બધું જ મિથ્યા લાગે છે અને પંદર - સતર વર્ષની વયે બધું જ છોડીને નિજની ખોજમાં નીકળી પડે છે....

કોઇ ગેબી અવાજ આવ્યો. આદેશ આદેશ....!

મોંઘી માંની કૂખે તારીખ 3- 11- 1972, આશો વદ, તેરસ, શુક્રવારનાં જન્મ. નામ અપાયું:- બુધ્ધ...

વિધાતાએ છઠ્ઠે દીવસે લેખ લખ્યા હશે:

સનાતન ધર્મનો ભગવો લહેરાવવો...!

વાત થઈ રહી છે દશનામ ગોસ્વામી સમાજમાં અવતરીત થયેલ મહાન સંત મહા પુરુષ પુજ્ય શ્રી બુધ્ધગિરિ બાપુની. જેમ બુધ્ધ પણ "સ્વ"ની શોધમાં નીકળી પડ્યા હતા, એમ બુધ્ધગિરિ પણ સત્યની શોધમાં નીકળી પડ્યા....

પૂર્વાશ્રમનાં સંસારમાં....

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી વડાળ ગામમાં દલપતગિરિ બાપુ - મોંઘી માંનો ધર્મ પારાયણ પરિવાર. હરનું ભજન કરે. ત્રણ દીકરા, છ દીકરીઓનો મોટો પરિવાર. આર્થિક સ્થિતિ બહુ નબળી નહીં. કવિ કાગની રચના મૂજબ

હે જી તારા આંગણિયા પુછીને જે કોઇ આવે રે આવકારો મીઠો આપજે રે....

દશનામી ખોરડું. એટલે ભગવાની અમિટ છાપ બાળ માનસ પર પડે જ. નવ ભાઇ- બહેન, એટલે આખો દિવસ ધમાચકડી મચી હોય. બધામાં નાનકડા બુધ્ધનું સૌ થી નિરાળું વ્યક્તિત્વ. નાનપણ થી જ ભગવા પ્રત્યે અપાર લાગણી. પશુઓ, પક્ષીઓ માટે કાળજી રાખે. સાતેક વર્ષની ઉંમરે ઈચ્છા પ્રગટ કરી,

ત્યારે માતુશ્રી મોંઘીબા અને બાળ બુધ્ધ વચ્ચે કેવું દ્રશ્ય સર્જાયું હશે?

આવી રે કાયા દીકરા તારા બાપની રે હતી જો, ઇ રે કાયાનાં મરતુક આયાં રે ભરથરી...!

પાત્ર, નામ બદલાઈ જતાં હતાં, પણ ભાવ એ જ... માતા કેમ ઈચ્છે, કે પોતાનો લાડકવાયો ભગવો પહેરી લે?

આર્થિક ઉપાર્જન સિવાય શું દેહનો અન્ય કોઈ અર્થ જ નહીં? નોટો પાછળ ભાગ્યા કરવાનું? આ જ ઉદ્દેશ્ય? નાનકડા

મનમાં વિદ્રોહ ફાટી નીકળ્યો હતો. એટલે એ કામ પડતું મૂક્યું. મન ક્યાંય લાગતું નથી. અગમવાણીનાં ભણકારા વાગે છે. માવડી કયારેક પુછી લે છે:-

"કેમ સુનમુન રહે છે બેટા?"

ત્યારે...

જાણે કે રાજા ગોપીચંદ નાવા બેઠા હોય અને માતા રડવા લાગ્યાં એવું દ્રશ્ય પરોક્ષ રીતે ભજવાય છે. કદાચ માતા જાણી ગયાં હતાં કે કોઈ અવધૂત ઓલિયો આંગણે પધાર્યો છે. પણ માતાની મમતા કેમ છૂટે?

પંદર-સોળ વર્ષની ઉંમરે સગાઈની વાત ચાલી. ત્યારે તેઓ અમદાવાદમાં ફઈ બાની ઘેર હતા. યેન કેન પ્રકારેણ સ્પષ્ટ ના ભણી. પરણવું નથી. દેહ- મનનાં લગ્ન તો ભક્તિ સાથે થઈ ગયાં હતાં.

મન મારું મોહી ગયું ભગવામાં,

લગન હું નહીં રે કરું....!

સાંસારિક જીવનમાં ક્યારેય મન નહોતું લાગ્યું. અને એક દિવસ ઘરમાં વાત કરી:-

"મારે સાધુ થવું છે....!"

બાળહઠ. સૌ ઝૂકી ગયાં. પણ જનમ દેનારી જનેતા કેમ માને? માંએ આર્તનાદ કર્યો:-

"ના બેટા ના. મને છોડીને કયાંય ન જતો. તારું મુખડું મલકાય છે તો રાજીપો થાય છે. તારા વિના આંગણું સુનું પડી જશે મારા વિહામા."

પણ કોઈ ગેબી આદેશ મળી ગયો હતો, એટલે જવું તો હતું જ, પણ જનનીનાં હૈયાને દુભવીને નહીં. આથી નક્કી કરવામાં આવ્યું કે કૌટુંબિક કાકા કુબેરગિરિ બાપુ, રામગિરિ બાપુનાં સાંનિધ્યમાં મોટી વડાળ ગામને પાદરે મઢીમાં બેઠા. આ ચેતન સ્થળ. વડવાઓની જાગ્રત સમાધિઓ. માં, બાપ, પરિવાર, ગામને હતું કે બાળક હઠાગ્રહી છે. બે, પાંચ દિવસ વગડામાં રહેશે એટલે ભાન આવશે. પણ સમય વિતવા લાગ્યો.દિન ગણતાં માસ ગયા અને વર્ષોય વિતી ગયાં...

છ છ વર્ષનાં વહાણાં વાઈ ગયાં. વડવાઓની જાગ્રત સમાધિઓ વચ્ચે રહ્યા. કંઈ કેટલાય અભાવો વચ્ચે છ વર્ષ નીકળ્યા. કૌટુંબિક કાકા બાપુ સાથે રહીને ધર્મનાં પાઠ ભણ્યા. દરમિયાન, પાછા ફરવા માટે અવનવા પ્રલોભનો પણ મળતાં રહયાં. પણ લગની લાગી ગઈ હતી. માતુશ્રી મોંઘીબાને એક વચન આપ્યું હતું:-

"માં, તમારા દેહ ત્યાગ સૂધી હું કયાંય નહીં જાઉં..."

નાનકડી ઉંમરનાં સાધુએ વચન પાળ્યું.



દીપોત્સવી વિશેષાંક

માતાનો કૈલાશ વાસ થયો. એમનું કારજ કર્યું. જાગ- પાઠ સહિતનાં તમામ લૌકિક વ્યવહાર કર્યો. માતા પ્રત્યે અનહદ પ્રેમ. આજે પણ બાપુ મોંઘી માંને ભારે અવાજે યાદ કરે છે.

મીઠાં મધૂને મીઠાં મેહુલા રે લોલ,
એથી મીઠી છે મોરી માત રે..
જનનીની જોડ સખી નહીં જડેરે લોલ..

ઋણાનુબંધ પૂરા થયા. માતાનો દિવ્ય આત્મા શિવત્વમાં ભળી ગયો. હવે માં નહોતાં, પાછી વળ દીકરા કહેવા માટે. એ હાથ નહોતા, જે ધ્રુજતા હાથે છાજલી કરીને મીઠડા દીકરાની રાહ જુવે. એ હોંકારો શમી ગયો હતો. એ અવાજ શાંત પડી ગયો હતો. ચોધાર આંસુડે રડ્યા હતા બાપુ. જીવતાં દેવ સ્વર્ગે સિધાવ્યા હતા. હવે મોટી વડાળ ગામનો સીમાડો ખાઉં ભરખું થતો હતો.

અને એક દિવસે ભગવાન બુધ્ધની જેમ યુવા વયે બુધ્ધગિરિજી મોહ,માયા, ઘર, પરિવાર, સમાજ, ભેરુઓ... બધું જ ત્યાગીને નીકળી પડયા શિવ તત્વની શોધમાં. આ સહેલું નહોતું. ક્યાં રહેવું, શું ખાવું, કયાં સૂવું.... અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવાનો હતો.

અને શરૂ થઈ યાત્રા. ઠેરઠેર રખડ્યા. અનેક શિવાલયો, મંદિરો, આશ્રમો, મઠોમાં ફર્યાં. જાતજાતનાં સાધુઓનાં દર્શન થયાં. કોઇ મહા ક્રોધી, કોઇ નાગા સાધુ, કોઇ રુદ્રાક્ષ ધારણ કરેલા, તો કોઈ ભભૂત લગાવીને બમ બમ બોલે બોલનારા... બધું જ સાક્ષી ભાવે નીરખ્યા કર્યું. એક અલૌકિક દુનિયા. અગોચર વિશ્વ...

ગામની પાદરમાં જૂની વડાળ નામનો ગેબી ડુંગરો છે. અહીં કાળ ભૈરવ અને ખોડીયાર માતાજીનું સ્થાનક છે. પરિવારનાં કાકા બાપુ કુબેરગિરિ બાપુની તપોભૂમિ. ફક્કડ ગિરનારી બાપુને ભોજન સામગ્રી, દૂધ આપવા જતા. આમ ભગવા વૈભવની માયા લાગી...

આમ કરતાં કરતાં સોળ વર્ષની ઉંમર થઈ. પિતાજીને ખેતીમાં મદદ કરે. ગુરુજીને કહ્યું:-

બાપુ, મારું મન ક્યાંય લાગતું નથી. હીરા ઘડવા કરતાં જીવતર ઘડ્યું હોય તો? ને અનાજ ઉગાડવા કરતાં ધર્મની ખેતી કરી હોય તો? સાચા હીરા માણેક તો ધર્મમાં જ મળે ને બાપુ....!



ફક્કડ ગિરનારી કુબેરગિરિ બાપુ જોઇ રહ્યા. પારખુ નજર. તાગ મેળવી લીધો. હાં હાં, નક્કી કોઇ અવતારી મહાપુરુષ. એના સિવાય તો આવી વાણી શીદ વદે? જોબનને ઉંમરે પગ મૂક્યો હતો, અને વૈરાગ્ય ની વાત? અસંભવ. પણ બાળ બુધ્ધની કાલીઘેલી ભાષામાં સત્યનો રણકો

હતો. નાભિમાં થી આવતો દિવ્ય અવાજ...

કૌટુંબિક કાકા બાપુ. પરિવાર વિષે બધું જાણે. પરિક્ષા કરવાનું નકકી કર્યું.

મનમાં હતું કે, બાળક છે. નાદાન છે. થોડી વેઠ પડશે તો સાધુ બનવાની હઠ છોડી દેશે. આમ વિચારીને કાકા બાપુએ પાસે બોલાવીને શરત રાખી.:-

"સૌ પ્રથમ માતા પાસે ભિક્ષા લેવાની. ત્યાર બાદ ભૈરવ ઝોળી આખા ગામમાં ફેરવવાની. પછી આશ્રમમાં આવીને સાધુ, સંતો, કૂતરાં, બિલાડાં, માછલાં ને ખવડાવીને ખાવાનું... મંજૂર છે?"

આદેશ મળતાં યુવાન બુધ્ધમાં નવું જોમ આવી ગયું. સૌ પ્રથમ પહોંચે છે માવડી પાસે.:

"અલખ નિરંજન, બમ બમ બોલે. ભિક્ષાન દેહી માં...!"

માવડી જાણી ગયાં હતાં, એક દીવસ આવું ટાંકણું જોવું પડશે. નહીં માને દીકરો. જનેતા તો જાણે જ ને દીકરાને.

આંખો ભીની થઈ ગઈ છે. મનમાં હરખ હતો કે દીકરાને પરણાવીને વહુ લાવીશું. ઓવારણાં લઈશ. મિંઢોળબંધો દીકરો કેવો સોહામણો લાગશે? વરરાજા રૂડો ને રૂપાળો લાગશે. રૂડાં લગ્ન ગીતો ગવાશે. માંડવડા રોપાશે. ઢોલ પર દાંડી પડશે... વેવાઈ - વેલાં ફટાણાં બોલશે. માવડી કંઈ કેટલાંય સમણાં સજાવીને બેઠી હતી. પણ આ શું?

આ તો જોગીડો આવ્યો દ્વાર મૈયા...

પાલવડો ભીંજાઈ ગયો છે. રહ રહ રુવે રે માવડી. બધાં જ સમણાં, અને એક અવાજ, બધું જ કડડભૂસ.

"માં, અલખ નિરંજન. ભિક્ષા આપોને. મારે હજી ગામમાં પણ જવાનું છે. વસ્તી ચેતાવવા. પછી આશ્રમે જાવાનું છે. કૂતરાં, માછલાં માટે રોટલા ઘડવાના છે માં.. જલદી કરોને....!"

ધ્રસકું ન છૂટી જાય તો માં શેની? મનમાં થયું કે મારા જાયાને બાથમાં લઈ લઉં. ના બેટા, આપણે આ માર્ગે નથી જાવું. ઘરે જ રહેવાનું... પણ,

લલાટે લખ્યો ભગવો ભેખ રે ભરથરી....!

ભિક્ષા દેતાં માંનો હાથ જરૂર ધ્રુજ્યો હશે. આંખલડીમાં શ્રાવણ - ભાદરવો વરસ્યાં હશે. છેવટે આશિર્વાદ આપ્યા.:



"જા બેટા, તારા આતમનું કલ્યાણ કર. લોકોનાં દુખે દુખી થાવું, ને સુખે સુખી થાવું. જગમાં નામ દીપાવજે. હર હર મહાદેવ...!"

પહેલી બોણી થઇ ગઇ ભિક્ષાની. પછી ગામમાં નીકળી પડે છે. સાથે રમતાં ભેરુઓ અચરજ થી જોઈ રહ્યા છે. અરે, આપણાં ભાઈબંધને આ કેવી લગની લાગી...?

ભૈરવ ઝોળી ફેરવીને અંતે આશ્રમમાં આવ્યા. રોટલા ઘડ્યા અને કૂતરાં, બિલાડી, મોરલા, ચકલીઓ, માછલાંને ખવડાવીને પોતે ખાધું....

આજે અગ્નિનો ઓડકાર આવ્યો...!

સાધુતા પહેલે જ દિવસે પ્રગટી ગઈ હતી, ભગવી જ્યોતની જેમ...

અને સાધુતાની યાત્રા શરૂ થઇ. કુબેર બાપુ બધું જોયા કરે. હમણાં થાકશે કે શું? હમણાં કહેશે કે બાપુ, મને ઘરની યાદ આવે છે. પણ ના, ભત્રીજા - શિષ્યનાં અલ્લડ



મુખારવિંદ પર અલૌકીક સંતોષ ઝલકે છે.

દિવસો વિતતા ગયા ગાડાનાં પૈડાની જેમ. અલખ પુરુષની ઓળખ થઈ ગઈ હતી.

હું તો આ ચાલી ભરવાને પાણી, મને બોલાવે સતગુરુ જ્ઞાની...

સતગુરુઓની સેવામાં વર્ષો વિતી ગયાં છે. સાત વર્ષનાં વહાણાં વાઈ ગયાં છે.

એમાં, કુદરતને કરવું છે કે, જૂનાગઢ, થાણાપતિ વસુગિરિ બાપુ મોટી વડાળ પધાર્યા. કુબેર બાપુને મળ્યા. એમાં,

સંતન કિ નજર પડી ગઈ રે.....!

કહ્યું: "આ છોકરો મને આપો. મને આમાં કંઇક તત્વ કળાય છે."

પૂજ્ય શ્રી સૈજપુરી બાપુની (મોડા આશ્રમ, રાપર, વાગડ, કચ્છ) ખ્યાતનામ રચના છે કે:

માયા મોટી નાગણી,
ઈંડા અપનાં ખાય,
એના થી જો ઉગરે
તો મોટો મણીધર થાય..!

થાણાપતિ બાપુ પારખી ગયા, આ તો મોટો મણીધર થાય...!

આમ, સાધુઓનાં પિયર જેવા જૂનાગઢ ગયા. અહીં પુજ્ય શ્રી બચુ ગિરિ બાપુજી ખૂબ સેવા કરી. પધારેલા સંતોની સેવા કરે. દરેક નાના મોટા કામ કરે. "હું" પણું ઓગળી ગયું હતું. થોડાં વર્ષોમાં જ સત્યકર્મોની સુવાસ પ્રસરાવી દીધી. ગુરુઓ પાસે થી ઘણું શીખ્યા. આખી જિંદગી સમર્પિત કરી દીધી હતી. શિવરાત્રિનાં

દીપોત્સવી વિશેષાંક

સાધુઓ હજારો, લાખોની સંખ્યામાં ઉમટી પડતા. રાત્રિનો પોકાર બાપુ પાડતા. આ મોટી જવાબદારી છે. સાધુ જીવનમાં ઘણું બધું રહસ્યમયી હોય છે. જે આપણાં સંસારી લોકો સુધી નથી આવતું. ગુપ્ત જ્ઞાન. ખૂબ સંઘર્ષ કર્યો....

છેવટે, એ દિવસ પણ આવી ગયો, જયારે એમનાં ખભા પર જવાબદારીનો ખેસ આવ્યો.

22-12-2017, શુક્રવારનાં દિવસે થાણાપતિ તરીકે કારભાર સંભાળ્યો. શુક્રવારનાં જન્મ થયો અને શુક્રવારનાં જ થાણાપતિ તરીકે જન્મ થયો...!

એક નવી યાત્રા શરૂ થઈ.

પુજ્ય બુધ્દ્ગિરિ બાપુ મૂળ કોમળ હ્રદયનાં. આગંતુક મહેમાનોને પ્રેમ થી જમાડે. ગાયોની સંભાળ રાખે, ભજન અને ભોજન... ક્યારેક મૌજમાં આવે તો જાતે જ બાજરાના રોટલા ઘડીને સાધુ, સંતોને જમાડે. મધુર સ્મિત કાયમ ભાવવાહી ચહેરા પર થિરક્યા કરે. સરળ હ્રદયનાં. ભજન, સંતવાણી યોજાય. અનેકવિધ પ્રવૃતિઓ યોજાયા કરે.

પુજ્ય શ્રી બુધ્દ્ગિરિ બાપુનું જીવન ચરિત્ર એટલું વિશાળ વ્યાખ્યામાં ફેલાયેલું છે કે એક લેખમાં સમાવેશ થઇ શકે નહીં. પુજ્ય બાપુ સાથે ટેલીફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે:

"સૌ એ પોત પોતાની ક્ષમતા થી ધર્મનો પ્રચાર પ્રસાર કરવાનો છે. આપણે તો જનમ્યા જ છીએ ધર્મનો ભગવો ઉપાડીને..."

દશનામ ગોસ્વામી સમાજ અને સમસ્ત હિંદુ સમાજને એક થવાની બાપુએ હાકલ કરી...

બાપુની નજરમાં વસુધૈવ કુટુમ્બકમ.... આખું વિશ્વ પોતાનો પરિવાર. પણ દશનામ સમાજમાં અવતરણ થયું છે, માટે વિશેષ લગાવ.

ગુરુ પરમ પૂજ્ય શ્રી વસુગિરિ બાપુનાં આશીર્વચનથી આજે અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સતત યોજી રહ્યા છે. જન્મ સ્થાન ગામમાં ઘણી વખત પધારે. અત્રે ગૌ શાળા છે. અહીં પણ ભજન, ભોજન ની લેર લાગેલી રહે એવી ચીવટ રાખે.

આ પરિવારમાં અનેક સિધ્દ્હસ્ત યોગીઓ થઈ ગયા. તો સમાજ સેવાની આહલેક જગાવતા ત્રીપાંખ સાધુ સમાજનાં આદરણીય પ્રમુખ શ્રી પુજ્ય વૈકુંઠગિરિ બાપુ અને બુધ્દ્ગિરિ બાપુ કાકા - મોટા બાપાના દીકરા ભાઇ થાય. વૈકુંઠ બાપુએ બાપુની જીવની લખવામાં મદદ કરી.

આવા અવતારી મહા પુરુષને ઝાઝા કરીને ઓમ નમો નારાયણ...

પૂજ્ય બુધ્દ્ગિરિ બાપુ વિષે પુસ્તક લખવાની ઈચ્છા છે. આગામી સમયમાં આપણે એમનાં સમગ્ર જીવન દર્શન કરીશું. ખૂબ રાજીપો વ્યક્ત કર્યો..

બાપુએ સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને આશીર્વચન પાઠવ્યા.

ઓમ નમો નારાયણ... હર હર મહાદેવ...

- રમેશ ગોસ્વામી "સારથિ"

દીપોત્સવી પર્વની સર્વે દશનામીઓને

હાર્દિક શુભકામનાઓ



શ્રી વૈકુંઠગિરિ લાલગિરિ ગોસ્વામી

(મોટી વડાળ, મહુવા, ભાવનગર.)

પ્રમુખશ્રી - ગુજરાત રાજ્ય શ્રીપાંખ સાધુ સમાજ સંગઠન

પ્રમુખશ્રી - સેવા સહકારી મંડળી, મોટી વડાળ

પ્રમુખશ્રી - ગોસ્વામી સમાજ, મોટી વડાળ

79849 93535, 99245 22651

giribapumotivadal@gmail.com

દીપોત્સવી વિશેષાંક



''ઈન્દ્ર'' પ્રશસ્તિ

ઇન્દ્ર પથ પદ રજ મન ભાવન રે,
તોરી મૂરત રંગ મોહે મન ભાવન રે,
તું હિ માત, તું હિ તાત,
તું હિ પતિતપાવન રે.
તું હિ પતિતપાવન રે....

ભગવા ચોલા, હૈ નૈન કાજરારે રે,
લાગો પ્રેમ તુમ્હી સે, કોન સમજાવે રે,
કોન સમજાવે રે..

ઓઢી ભીની ચુંનરિયાં ભગવી રે,
ધૂની ધખાઈ જયોત જગવી રે,
જ્યોત જગવી રે...

મેરો જિયા કહે અબ આયો સાવન રે,
સખી મોરી પિયુ પાયો મન પાવન રે,
"સારથિ" દર્શ કિ એક ફરીયાદ રે,
ઇન્દ્રભારતી આઈ તુમરી યાદ રે,
યે ખેલા હૈ, ખેલ આવન જાવન રે,
આવન જાવન રે...

-રમેશ ગોસ્વામી "સારથિ"



ભગવી ગઝલ...!

સંતોને ક્યાં તાળાં -કબાટ હોય છે?
ને ચાવીનાં ઝુડાની ક્યાં ખોજ હોય છે?
હર હર મહાદેવ ને અલખ નિરંજન,
મસ્ત કલંદરની નકરી મૌજ હોય છે.
સંતોને.....

એક હાથ સે લેના, દૂસરે સે દે દેના,
માયા થી ન મળે કંઈ લેના -દેના.
પળે પળ ઉજવે જેમ તહેવાર,
એને મેળો રોજે રોજ હોય છે.
સંતોને....

ભગવા ચોલામાં ખિસ્સું હોય પણ ખરું,
એક- બે રુદ્રાક્ષ ને ચપટી ભભૂત હોય છે.
સંતોને....

રસિકગિરિ ભજનનાં ભારે રસિયા,
ભક્તોનાં દિલમાં ભાવથી વસિયા,
"સારથિ " નેજવું કરીને નીરખે સાધુડાને,
સાચાં મોતી મળી જવાની ગોત હોય છે,
સંતોને...

-રમેશ ગોસ્વામી "સારથિ"

સંત


પરમ પૂજ્ય સંત
શ્રી ભભૂતગિરિ બાપુ

પરમ પૂજ્ય સંત **શ્રી રસિકગિરિ બાપુ**
ગુરૂપિતા પરમ પૂજ્ય **શ્રી ભભૂતગિરિ બાપુ**
(ફુલઝર – ધારી. ભજનાનંદી મઢી)

સનાતન ધર્મને ટકાવી રાખવા કંઈ કેટલાય સાધુઓએ ભૌતિક સુખોનો ત્યાગ કરીને હર મહાદેવ કરતાં નીકળી પડ્યા અને આખું આયખું ખપાવી દીધું. ધર્મ પાંગળો હોય છે. એને ચલવવો પડતો હોય છે. દરેક સમાજમાં સંતો થયા છે, જેમણે ધર્મ કાજે ભોજન - ભજનની આહલેક જગાવી. પણ દશનામ ગોસ્વામી સમાજની સ્થાપના જ ધર્મ કાજે થઈ છે, એથી દરેક વ્યક્તિ સંત જ છે. કોણ, કેવું જીવન જીવે એના પર આધાર છે.

આપણાં સમાજના લોકપ્રિય મેગેઝિન **"દશનામ સરક્યુલર"**માં દશનામીઓ, જે અલગ અલગ ક્ષેત્રમાં સમાજનું નામ રોશન કરી રહ્યા છે, એમની ભવ્ય કામગીરીને લોકો જાણે, પ્રેરણા લે એવો ઉદ્દેશ્ય...

સાધુઓ તો ગામડે ગામડે છે, પણ દશનામી સાધુઓનાં જ જીવન - કવન પ્રગટ કરવાં એવો નિયમ રાખ્યો છે.

તો આવો મળીએ આપણાં એક શ્રેષ્ઠ સંતને...

તમે યુ ટ્યુબમાં એક ભગવાધારી સંતને ભજન આનંદ માણતા જોયા જ હશે. ભજન મઢીમાં હાકોટા પડકાર કરતા મૌજીલા રસિક બાપુની મૌજ અલગ જ હોય છે.

બાબરા તાલુકાનું ફૂલઝર નામનું ગામડું. દયાલ ગિરિ બાપુ, શાંતાબાનું ધાર્મિક ખોરડું. દયાલગિરિ બાપુ નાનું મોટું કામ કરે, પણ કોઈ હાય વોય નહીં. જે મળે, જેટલું મળે એટલામાં સંતોષ માને. પૈસા પાછળ આંધળી દોટ ન મૂક. સંતોષી નર સદા સુખી એવા સૂત્રને જીવ્યા.

એમનાં મોટા પૂત્ર રસિકગિરિને નાનપણ થી જ ભગવાનો મોહ. નિશાળે મૂક્યા, પણ દફતરમાં મન લાગ્યું નહીં. ધીંગામસ્તી સાથે નાનપણ વીત્યું. નાનકડું બાળક કયારેક મંદિરોમાં જઈ ચડે અને વિષ્યમ થી જગતપિતા શિવને નીરખે. કેવી અજબ ગજબ રચના કરી છે? એવા સવાલો થયા કરે. જગતનાં સત્યને કેમ પામવું? કુદરતને કેમ જાણવો? શોધવા નીકળીએ તો એમ કયાં રસ્તામાં પડયો છે. અનેક સવાલો નિરંતર ચાલ્યા કરે. જવાબ એટલો જ મળે કે સમય લાગે,પણ ભગવાન મળે ખરા. બીજું સત્ય એ જડ્યું કે મૌજમાં જ ભોલેનાથ રાજી રહે.

વીસેક વર્ષની ઉંમરે વિવિધ મજૂરી કરી. પણ મન માનતું નહોતું. પૈસા ભેગા કરવા, સંસાર માંડવો, એવા કોઈ વિષયમાં મનડું લાગતું નહોતું. આથી એમણે જૂની દશનામી પરંપરા અનુસાર સાધુતા તરફ પગલાં ભર્યા. અલગ અલગ આશ્રમો, મઠો, મઢીઓમાં ફર્યાં. અનેક સાધુઓ, સંતો,મહંતો પાસે થી જગતને સમજ્યા. બધી વાતનો સાર એટલો જ હતો કે કંઈ સાથે નથી ચાલવાનું. મૌજ કરી લો....

એટલે બાપુ સાધુ મૌજમાં રમમાણ રહે છે.

ધારીની ભજનાનંદી મઢીમાં અનેકવિધ પ્રવૃતિઓ કરતા રહે છે. વિધવા સહાય, બાળકોને ભણાવવા, ગરીબોને મદદ, સહિત અનેક પ્રકારના કાર્યો કરતા રહે છે. મઢીમાં કંઈ કેટલાય કલાકારો ભજન ગાવા આવે છે. બાપુ કહે છે,

હું ભજનનો ભૂવો છું અને મહાદેવનો પટાવાળો છું...!

નિશાળનું પગથિયું ચડ્યા નથી, પણ કોઠાસૂઝ થી ધર્મને પોતાની રીતે સમજ્યા છે. ધર્મ એટલે શું?

બાપુ લાક્ષણિક અંદાજમાં કહે છે.

ધર્મ એટલે બેન, દીકરીની રક્ષા કરવી, ગાયોને ઘાસ, પક્ષીઓને ચણ, કૂતરાંને રોટલા, ગરીબોને મદદ અને નિજ આત્માને રાજી રાખવો... આ જ ધર્મ...



ધર્મને સમજવા માટે પોથીઓ વાંચવા થી કંઇ દી વળે નહીં. ધર્મ જીવવો પડે. નિરાભિમાની જીવન જીવી જવું એ જ માનવ કલ્યાણ. ધર્મને ટકાવી રાખવા શિવદળ, રામદળ બન્યાં. આપણે દશનામીઓ શિવદળ વાળા. શિવતત્વને અખંડ રાખવું એ તમામ ગોસ્વામીની પવિત્ર ફરજ છે. અવળા માર્ગે જવું નહીં. કામ ક્રોધ, મદ લોભ ત્યાગવો. એમ બાપુ જણાવે છે. કોઈને નડવું નહીં એ પણ ધર્મ જ છે એમ હળવા ટોનમાં કહે છે.

હા, દશનામ ગોસ્વામી સમાજમાં જન્મ મળ્યો એને પોતાનું સૌભાગ્ય માને છે. સાધુતા આપણાંમાં પડી જ હોય છે, જરૂર હોય છે એને યોગ્ય વાતાવરણ મળવાની.

ઝાઝી કોઈ આશા રાખ્યા વગર નિરાંતે જીવવું જોઈએ. બની શકે એટલું કાર્ય કરવું જોઈએ. જે જેના સ્થાને છે એ યોગ્ય રીતે બજાવે. બાપનું પાત્ર બાપ બનીને ભજવો. માંનું પાત્ર માં બનીને ભજવો. એવા અનેક વિચારો બાપુએ વર્ણવ્યા હતા. અલગારી આત્મા સાથે ટેલિફોનીક વાતચીતમાં ખૂબ આનંદ માણ્યો. જીવનની નવી દ્રષ્ટિ મળી. સાધુતા તરફ પગલાં ભરવાં... આ જ અંતિમ સત્ય.

બાપુ જણાવે છે કે, વ્યક્તિ નહીં, સમાજ મોટો છે. દશનામ ગોસ્વામી સમાજ બધી જ્ઞાતિઓમાં નિરાળો છે.ગોસ્વામીઓ એક થાય, પોતાના અહંકારનો ત્યાગ કરીને સમાજ વિકાસ, ધર્મ વિકાસની પોતાના સ્થાને થી બનતું બધું કરી છૂટે તો જીવતે જીવ વૈકુંઠધામ છે. ધરતી પર જ સ્વર્ગ છે. મૌજ માં જીવી જાઓ.. હર હર મહાદેવ.

આવા મૌજીલા બાવાજીને કોટિ કોટિ વંદન.

ઓમ નમો નારાયણ... હર હર મહાદેવ...
જય દશનામ.

- રમેશ ગોસ્વામી "સારથિ"



ભગવી સિંહણ ડણકી રે...

ધરા ફાડીને, આવી આવી,
ભગવી સિંહણ ડણકી રે..
દશનામી કુળ દીપાવવા, આવી આવી,
ભગવી સિંહણ ડણકી રે...
શક્તિ ધુણો ચેતવ્યો,
ભગવો ભેખ પહેરીને, આવી આવી,
ભગવી સિંહણ ડણકી રે...
એને ભૈરવ ઝોળી સોહંતી,
ભસ્મનો કરી શણગાર, આવી આવી.,
ભગવી સિંહણ ડણકી રે...
ધર્મનો નેજો ખભે ધરી,
અન્નનો કરીને ત્યાગ, આવી આવી,
ભગવી સિંહણ ડણકી રે...
અલખ નિરંજન બમ બમ બોલે,
ચીપિયાનો કરતી નાદ, આવી આવી,
ભગવી સિંહણ ડણકી રે.
"સારથિ" તારાં ગુણલાં ગાવે,
નેતિ નેતિ જ્યાં પાર ન પાવે,
કુમકુમ પગલાં પાડતી, આવી આવી.
ભગવી સિંહણ ડણકી રે..

દીપોત્સવી વિશેષાંક

સંન્યાસી



ધર્મનો ભગવો ઝંડો લઈને નાનકડી ઉંમરે નીકળી પડેલાં
દશનામી પરિવારનાં જાગતી જગદંબા - જ્યોત જેવાં દીકરી...

પરમ પૂજ્ય શ્રી **ભુવનેશ્વરી ગિરિ માતાજી,**

ગુરૂપિતા પરમ પૂજ્ય શ્રી **સત્યગિરિ મહારાજ.**

(બગોદરા, તારાપુર હાઈવે, અમદાવાદ શ્રી શ્રી શક્તિપીઠ આશ્રમ.)

પૂર્વાશ્રમ : ધારાબેન સંજયપુરી માનપુરી ગોસ્વામી
(ધોરાજી - રાજકોટ)

શક્તિ રૂપેણ સંસ્થિતા...

આજે આપણી એક ભગવી સિંહણની ડણક આખાયે ગુજરાતમાં ગૂંજી રહી છે, ત્યારે રાજીપો થાય અને આશ્વાસન મળે કે જ્યાં સુધી દશનામી માતાઓ આવી સિંહણો જણશે, ત્યાં સુધી ધર્મને ઉની આંચ નહીં આવે. હાથમાં ધારદાર તલવાર, અંગ પર ચમકતો ભગવો, લલાટે ભસ્મ, ગળામાં રુદ્રાક્ષ, તલવાર થી વધુ ધારદાર વાણી.... દેવીનાં હાથમાં તલવાર પણ છે અને આશિર્વાદ પણ છે. નક્કી સામે વાળાને કરવાનું છે, તલવાર કે આશિર્વાદ...!

સનાતન ધર્મનાં બધા દેવી, દેવતાઓને હથિયાર હોય છે...!

આવો મળીએ, દશનામી સમાજનાં અવતારી માતાજીને...

આવો, શબ્દ દર્શન કરીએ.

ઇન્દ્રનું ઇન્દ્રાસન પણ ડોલવા લાગે એવાં અથાગ રૂપ વાળી એક જાગતી જ્યોત, શક્તિ જગદંબાને સતત ભણકારા વાગે છે:-

ભુવનેશ્વરી,ભુવનેશ્વરી, ભુવનેશ્વરી...!

અરે, મારું નામ તો ધારા છે, તો આ કોના નામનો પોકાર પડયો છે? ચોંકી જવાય છે. ચોતરફ, બ્રહ્માંડ તરફ નજર કરી. ખુલ્લું આકાશ જાણે મંદમંદ સ્મિત વેરતું હતું. તારલાઓ અને ચાંદલિયો જાણે કે ઘણી ખમ્મા બોલતાં હતાં. નભમંડળ થોડું ઝૂકી ગયું હતું અને જાણે કે ધારાબેનમાં થી ભુવનેશ્વરી માતાજી બનવા આહ્વાન કરતું હતું.

શબ્દો વગરનો ભાવ ગૌર મુખારવિંદ પર પથરાઈ ગયો હતો. કોઇ બોલાવી રહ્યું હતું સતત. આદેશ, આદેશ....!

તપોભૂમિ ઋષિકેશની કંદરાઓ, લતાઓ, ફૂલો, પક્ષીઓ, હવા સામૂહિક સ્વાગત ગાયન કરી રહ્યાં હતાં. રૂપરૂપનાં અંબાર જેવી છોકરીમાં થી શક્તિત્વ પ્રગટ થયું હતું. પ્રકૃતિ બધું જોઈ રહી હતી મૌન સાક્ષી બનીને. અને સાક્ષાત્કાર થયો.

તે દિવસે માં પાર્વતીએ ભોળાનાથને કહ્યું હશે:-

"નાથ, આપણાં દશનામી પરિવારની એક દીકરી ધારાનો બીજો જન્મ થયો. જોયું?"

ભોળા મહાદેવજી ચિર પરિચીત અંદાજમાં મરક મરક મલક્યા હશે:-



દીપોત્સવી વિશેષાંક

દેવીજી, મારું જ પ્રાયોજન અને મને જ ખબર ન હોય એમ માનો છો? જાણું છું. આપણી ઓખા જેવી લાગે છે. ધ્યાન થી જુવો. એનું તેજ. જીવતી જ્યોતની જેમ ઝળહળ ઝળહળ થાય છે.

દેવીજી, ઓવારણાં લ્યો, આપણી એક દીકરી ભગવો લઇને નીકળી પડી છે. નેતિ નેતિ....!

માં પાર્વતીએ ઓવારણાં લીધાં હશે. મીઠડાં લીધાં હશે અને કહ્યું હશે:-

"જાઓ બેટા, જગમાં શિવશક્તિનો મહિમા ફેલાવો. સાથે સાથે સત્કર્મો પણ કરો..."

અદ્રશ્ય રીતે દેવ- દેવીઓ આકાશની અટારીએ ચડીને પુષ્પ વર્ષા કરી ગયાં હશે.

આ જ સનાતન સત્ય છે. સાક્ષાત્કાર થાય ત્યારે સમગ્ર કુદરતત્વની સકારાત્મક ઉર્જા પ્રદાન થાય.



ધારા, હથેળીનું નેજવું કરીને, તાકી રહે છે વિશાળ ફલક સામે. કંઈક સમજાયું, કંઇક ગૂઢ રહસ્ય છુપાયેલું હતું? શું ખબર.

નેતિ નેતિ જ્યાં વેદ ભણે છે,
મારુ ચિતડું ત્યાં જાવા ચહે છે...

જ્ઞાન અને જાણકારીની ભેદરેખા સમજવા જેવી છે. નારાયણ, નારાયણ...!

પૂજ્ય માતાજીનાં શબ્દ - દર્શન કરીએ. દાયકાઓ પહેલાં...

શંભુને રટી લે ભોળા,
છોડ દુજા પાઠ, દીનાનાથ રટી લે...

રાજકોટનો ધોરાજી તાલુકો એક સમયે માનપુરી બાપુનાં રઢિયાળા ભજનો થી ગુંજતો. વાયક આવે એટલે બાપુ ખભે ભગવી શાલ લઈને નીકળી પડે. મીઠી હલકે ભજનો ગાય. કોઇ સ્વાર્થ નહીં. નિજાનંદ માટે ભજન ગાય. કોઇ પાંચ, પચીસ રૂપિયા આપે તો વઢે:-

"ભલા માણસ, ભજનનાં પૈસા લેવાય? તો તો મારો મહાદેવ રૂઠે. નિજાનંદ માટે ભજન ગાઉં છું. એ જ મારું કર્મ છે ને એ જ મારો ધર્મ..."

આખોય પંથક માનભેર જુવે. મસ્ત ફકીરી જેવું જીવન, એટલે નાણાં રળી શક્યા નહીં, પણ નામના ખૂબ મેળવી. સાચા ભક્તો આજે પણ પુરીબાપુને સંભારે છે. એવા અસલ ભજનિકો હવે કયાં રહયા છે?

આવા ભજનિક પરંપરા માંથી આવતાં

આપણાં ગર્વિષ્ઠ બેન શ્રી ભુવનેશ્વરી માતાજીનું નામ આજે ગુજરાતમાં ગૂંજી રહ્યું છે.

દશનામ પરિવાર માટે ધર્મ એટલે શ્વાસ લેવા જેવું. જેમ શ્વાસ લીધા વગર ન ચાલે, એમ ભગવા વગર પણ ન ચાલે. માનપુરી બાપુ - ઇન્દુબાના દીકરા સંજયપુરી, એમનાં ધર્મપત્ની રેખાબેનને બે સંતાન. નિમિષપુરી અને ધારા. સંજયપુરી બાપુ મહાદેવની પૂજા કરે. હીરા બજારમાં નોકરી કરે. ધાર્મિક ખોરડું. આર્થિક ઉપાર્જન માટે દશનામ ગોસ્વામી સમાજ ખોટી લાવ લાવ ન કરે. આ બ્લડમાં જ છે. હરનું ભજન અને મૌજ...

૧૯૯૮માં નવરાત્રિનાં આઠમા નોરતે રેખાબાને પ્રસૂતિની પીડા ઉપડી. એક બાજુ માં આવો ને રમવા,... કુમકુમનાં પગલાં પાડયાં... અંબા અભય પદ દાયની રે,... ગરબાઓ ગુંજતા હતા, ત્યાં બાળકીનો સુમધુર રડવાનો અવાજ એ ગરબામાં ભળી ગયો. જાણે કે કોરસ પુરાવ્યું હોય. ચમકતું લલાટ, રૂપાળી મુખમુદ્રા, હેતાળ આંખો...લોકોએ વધામણી ખાધી:-

"બાવાજી, તમારી ઘેર માતાજી પધાર્યા...!"

દુનિયા ક્યાં જાણતી હતી કે આ બાળકી માતાજીના જ એક નામ ભુવનેશ્વરી નામે પ્રસિધ્ધ થશે.

વિધાતાએ બાળકીના ચમકતા લલાટ પર લેખ લખ્યો.:- ધર્મોજય....!

છઠ્ઠે દિવસે નામ અપાયું:- ધારા...!

ધારાબેન ધર્મનો ધારા પ્રવાહ આગળ ધપાવવા જ અવતરણ પામ્યાં છે.

નાનકડી ધારાને મંદિરો, આશ્રમો, મઠો, ભજનો, આ બધું બહુ ગમતું. ભગવા સાથે પ્રીતડી બંધાઈ ગઈ હતી નાનપણ થી જ. ભગત દાદાનાં ખોળામાં ઉછર્યા એટલે માનપુરી બાપુનાં સંસ્કાર ઉતર્યા. નાનપણ થી જ શિવશક્તિમાં અપાર, અગાધ શ્રધ્ધા. શિવત્વને ધીમે ધીમે સમજ્યું. જાણ્યું. માણ્યું. એટલે લોકો સુધી પહોંચાડવા માંગે છે.

દશમું ધોરણ પાસ કર્યું. સ્વાભાવિક છે, દીકરી જુવાન થઈ એટલે માં, બાપને લગ્નની ચિંતા લાગી. સમાજમાં થી સારા મુરતિયાની શોધ માં - બાપ કરવા લાગ્યા. પણ ધારાબેનને કયાં સંસારમાં રહેવું હતું. એમને તો અલખ ધણીનાં દરબારમાં દાસિત્વ પામવું હતું. કૃષ્ણની મીરાની જેમ વીણા લઈ લેવી હતી.

ધારા કહે એસે વર કો મેં કયા વરું,
જો આજ જીએ કાલ મરી જાય,
વરું તો મેરા ગિરધર ગોપાલ ને,
મારો ચૂડલો અમર થઈ જાય....

ના, નથી કરવાં લગ્ન. માવલડીની આંખોમાં શ્રાવણ - ભાદરવો વહેવા લાગે. આ જોઇને એક દિવસ ડાહ્યી દીકરી બનીને સમજાવે છે:-

"માં, શીદને ચિંતા કરે છે? મારે ધર્મનો મારગડો વાળવો છે. ધર્મનાં માર્ગમાં કાંટા, કાંકરા વધી ગયાં છે એ સાફ કરવા છે. શિવ શક્તિ તરફ આગળ વધવું છે મારે માં...!"

મુખ ઉઘાડી જુવે માતાજી દીઠાં ચૌદ બ્રહ્માંડ જો...

માં યશોદા કનૈયાને તોફાની સમજતાં હતાં, પણ મુખ ઉઘાડી ને જોયું ત્યારે ખબર પડી કે આ તો ચૌદ બ્રહ્માંડનો નાથ છે.

અહીં પણ એવો જ તાલ થયો. દીકરી નહીં, આ તો સાક્ષાત્ લક્ષ્મી...!

દીકરીનો જવાબ સાંભળીને માતા - પિતા શરૂમાં ડઘાઈ જતાં, પણ ધીમે ધીમે ઓળખી ગયાં, આ કોઈ દૈવિ શક્તિ છે. એને ખીલે બાંધી શકાય નહીં. માતા -પિતાની મરજી થી એક દિવસ નાનકડી ઉંમરે ધારાબેન નીકળી પડ્યાં નિજની ખોજમાં...

રાધા કૃષ્ણ થી રિંસાઈ જતાં અને અવળાં ફરીને બેસી જતાં. આજે પણ રિંસાયેલાં જ છે. નામ પણ અવળું:- રાધા - ધારા...!

અબોલડા તોડો હવે તો રાધા,
મુખડાં ખોલો હવે તો ધારા...!
આગમની જૂની ઓળખાણ રાધા,
શું તમને સાંભરે છે ગોકુળની શેરીઓ ધારા?
પહેલા ભવમાં તો સોળ શણગાર કરતાં રાધા,
હવે કાં ઓઢયો ભગવો ભેખ ધારા?
આટલાં તે શાને રુસણાં રાધા,
માનો તો મનાવું ધારા...
રંગ રંગ વાદળી જેવાં રાધા.,
ભગવો રંગ રક્તમાં ભળી ગયો ધારા.
હાથોની રેખાની રમત રાધા,
આવતે ભવ ફરી મળશું ધારા
-સારથિ

નામમાં ઉલટફેર થઈ ગયો, એમ હથેળીની રેખાઓમાંના ભાગ્યમાં પણ ફેરફાર થઇ ગયો. રાધાજી પણ ક્યાં સુખ પામ્યાં હતાં. બારેક વર્ષની વયે કાનુડો તો ચાલ્યો ગયો હતો ગોકુળથી દ્વારિકા. પાછળ રહી ગયાં હતાં રાધાજી, ભીની ભીની આંખો સાથે.

બાય ધ વે, માતાજીનું નાનપણનું હુલામણું નામ ગોપી...!

કેવું સામ્ય?

રાધા, ધારા, ગોપી અને શક્તિ રૂપેણ સંસ્થિતા જેવું નામ:- ભુવનેશ્વરી.....!

૨૩ વર્ષની ઉંમરે ઘેર થી માત - તાતની રજા લઈને આનંદ સાથે વિદાય લીધી. માં ની આંખલડી ભીની થઇ ગઈ અને તાત પણ સજ્જળ નેત્રે વિદાય લેતી દીકરીને જોઇ રહ્યા... દીકરીને સાસરે વળાવવા જેવો પ્રસંગ, પણ આ તો મોટા ઘરે વાળાવવાની વેળા.

છોડી પિયરિયું મારે જાવું સાસરિયે,
એમાં તે શરમ મને શાની,
મને બોલાવે સતગુરુ જ્ઞાની...

કેવાં કેવાં સમણાં નીરખ્યાં હતાં માત-પિતાએ? આંગણિયે જાન જોડીને વરરાજો આવશે. સાજન - માજન ભેગું થશે. ઢોલ પર રિડીબાંગ ધ્રિબાંગ રિડીબાંગ ધ્રિબાંગ દાંડી પડશે. રૂડાં લગ્ન ગીતો ગવાશે. પણ દીકરી તો માટે સાસરિયે ઉપડી ગઈ...!

હો રિ સખી મંગલ ગાઓ રિ,
આજ ધરતી અંબર સજાઓ રિ....

ગોપીબાઈ ઉતાવળે પગલે, પિયુજીને મળવા નીકળી પડ્યાં છે...

ગોપી-ધારા...માંથી ભુવનેશ્વરી માતાજી બનવું. આ આસાન નહોતું. સ્ત્રીનો અવતાર. ઉપરથી ઇન્દ્રનાં દરબારની અપ્સરાઓ પણ

લજજા પામે એવું અલૌકિક સૌંદર્ય. દિવ્ય આભા.

સમયનાં વહેણની સાથે સાથે વહી નીકળવું એ વિધાત્રીનું આયોજન - પ્રાયોજન હતું.

આત્માને ઓળખ્યા વિના રે
લખ ચોર્યાસી નહીં રે મટે હો જી...

મંદિરો, આશ્રમો, મઠો... પરકાયા પ્રવેશની જેમ સંસારી મનડું સંન્યાસી બની રહ્યું હતું કોશેટોની જેમ. આપણાં દશનામી મહા પુરુષ બુધ્દ્ગગિરિબાપુ મળ્યાં. અનેક સંતો, મહંતોને મળતાં રહયાં.

રંગ બે રંગી પરિધાનોમાં રાધા જેવું રૂપ ધારણ કરનારાં ધારા હવે સફેદ વસ્ત્રો વાળી મીરા બની રહ્યાં હતાં...!

મન લાગી મૌજ ફકીરી રે....!

નાદ લાગ્યો હતો. લત લાગી હતી ભગવાની.

સાધુ તેરો સંગડો ન છોડું મેરે લાલ...

અસાધારણ વ્યક્તિત્વ, એટલે જ્યાં ગયાં ત્યાં અમિટ છાપ છોડી. તલાશ હતી, અસલ મહાત્માની. ભ્રમણ કરતાં રહયાં. કોઇ અવધૂત ઓલિયા મહાપુરુષની શોધ હતી. રાફડા સુના હોય નહીં.

એમ કરતાં કરતાં યુપીનાં મહાત્માજી સત્યગિરિ બાપુનો ભેટો થઈ ગયો.

ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકે લાગૂ પાય,
બલિહારી ગુરૂ દેવકિ,
મોહે ગોવિંદ દિયો બતાય...

ભવોભવની તલાશ પુરી થઈ. સાચા સતગુરુ મળ્યા.

વર્ષો સુધી સફેદ કપડાં પહેર્યા હતાં, અને હવે ભગવાકરણ થયું.

ધારાપણું વહી ગયું, હવે શિષ્યા બન્યાં. પુજ્ય ગુરુ મહારાજ આંતરરાષ્ટ્રીય મહામંત્રી, શ્રી મહંત પુજ્ય સત્યગિરિ મહારાજ, શ્રી પંચ દશનામ આહ્વાન અખાડા. બાપુએ જીવનની નવી દ્રષ્ટિ આપી.



આમ, જીવનનો બીજો જન્મ , બીજો અધ્યાય શરૂ થયો માતાજી પરમ પુજ્ય શ્રી ભુવનેશ્વરીજીનો.

આજે અનેકવિધ પ્રવૃતિઓ કરે છે. ધર્મ એટલે શું? જવાબ છે સ્થૂળ અર્થ નહીં. વિરાટ વ્યાખ્યામાં આવે ધર્મ. વ્યસન મુક્તિ અભિયાન, પર્યાવરણ જાગૃતિ, ધર્મ

જાગૃતિ, બેન - દીકરીઓને જાગૃત કરવી, બ્લડ ડોનેશન, શિક્ષણ, આરોગ્ય એમ વિશાળ ફલક પર કામ કરી રહ્યાં છે. તલવાર બાજી લાઠી, યજ્ઞ, અનેક પ્રકારના કાર્યો કરતાં રહે છે. શ્રી શ્રી શિવ શક્તિ પીઠનાં આશ્રમનું કામ ચાલુ છે. જ્યાં અનેક પ્રકારના સેવાકિય કાર્યો કરવામાં આવશે. બાવન ગજનો ધ્વજ ફરકાવે છે. સનાતન ધર્મને ટકાવી રાખવા, પ્રચાર - પ્રસાર અર્થે જ આદી જગદ્ગુરુ શંકરાચાર્યજી દ્વારા સ્થાપિત દશનામમાંથી આવે છે, એટલે ધર્મને લઈને ચિંતિત છે. ધર્મ પાંગળો હોય છે, એને ચલાવવો પડતો હોય છે.

આજની યુવા પેઢી ભોગ, વિલાસ, વ્યસનમાં બર્બાદ થઈ રહી છે ત્યારે દશનામી દીકરી ધર્મનો ભગવો લઈને નીકળી પડ્યાં છે એ ખરેખર ગર્વ લેવા જેવી બાબત છે.

ભુવનેશ્વરી માતાજી જણાવે છે કે, આપણું કામ જ હતું વસ્તીને ચેતવવાનું. પણ આપણે માર્ગ ભૂલ્યા. હજી મોડું નથી થયું. ધર્મ તરફ આગળ વધો એવી હાકલ કરે છે.

આધ્યાત્મિકતા તરફ આગળ વધવું એ સમયની માંગ છે. આપણાં મૂળિયાં ભૂલી ગયાં છીએ, માટે બીજી વિકૃતિઓ ઘૂસી આવી છે. અસલ દશનામી બનીને જીવીએ તો ભેખ પહેરવાની જરૂર નથી. ભેખ તો કોઈક અવતારી સ્ત્રી - પુરુષ જ પહેરે, પણ સંસારમાં રહીને પણ ધર્મને ટકાવી રાખવા માટે બનતું બધું કરી છૂટવું જોઇએ.

પરમ પૂજ્ય શ્રી ભુવનેશ્વરી માતાજી જણાવે છે કે, દશનામી દીકરીઓ ખોટા માર્ગે જતાં અટકે. યુવાનો વ્યસન મુક્ત થાય. શિક્ષણ અને ધર્મનો સુમેળ સાધીને આગળ વધીએ.સમાજનાં આગેવાનોને પણ ટકોર કરે છે કે ધર્મનો પ્રચાર, પ્રસાર કરતા રહો. હિંદુત્વના પ્રહરી છીએ, અસલ ભગવાવાળા છીએ, એટલે આપણી જવાબદારી છે કે વસ્તીને ચેતવવી.

માતાજી સરસ મજાની વાત કરે છે:-

આજનાં બની બેઠેલા બાવાઓ લોકવેણને વ્યસનનાં માર્ગે દોરી જાય છે, ત્યારે હું વ્યસન માંગવા નીકળું છું...!

નીજ માટે નહીં, લોક કલ્યાણ માટે જીવન સમર્પિત કરી દેવું છે એ જ નેમ છે.

સાંસારિક જીવનમાં ભાઇ નિમિષપુરી - ભાભી દિવ્યાબેન છે, બંને સરકારી નોકરી કરે છે. પણ માતાજી માટે તો વસુધૈવ કુટુમ્બકમ... આખું વિશ્વ મારો પરિવાર છે એ સનાતન ભાવ છે. મારું, તારું નહીં, આપણું...

"માતાજી, ભુવનેશ્વરી નામ કેમ રાખ્યું?"

જવાબ: "ઋષિકેશમાં સાધના કરતાં હતાં ત્યારે એક ગેબી, ગૂઢ નાદ સંભળાયો, એક પોકાર પડયો ભુવનેશ્વરી,ભુવનેશ્વરી , ભુવનેશ્વરી...!

કુદરતનો, કોઇ અલૌકિક તત્વનો આદેશ હતો. વિધાતાએ જ કદાચ આ નામ ગોઠવ્યું હતું એમની લેખનીમાં. ધર્મતત્વ આ નામ ઈચ્છતું હતું, માટે આ નામ રાખ્યું....!

માતાજી અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ પણ યોજે છે. ખોટાં ધતિંગ કરતા બની

બેઠેલા બાવાઓ થી લોકોને ચેતવે છે. પાખંડવાદ સામે અવાજ ઉઠાવે છે. દશનામીઓ, આપણે આપણી રૂઢિ ચૂક્યા એટલે લોકવેણમાં થી બની બેઠેલા બાવાઓ આવ્યા. સાચા સંતો, ભક્તોનું સ્વાગત જ હોય, પણ કેટલાય ખોટા ઘૂસી ગયા છે એનો વસવસો છે. આપણે દશનામીઓ વેદ થી પણ પર છીએ. સનાતન ધર્મનાં પ્રહરી. શિવનાં અંશ.

સનાતન ધર્મ વૈજ્ઞાનિક ઢબ આધારિત છે. સૂર્ય નારાયણને જળ અર્પણ કરવાથી લઈને શિવલિંગનો દૂધ થી અભિષેક કરવો, નદીઓની પુજા, કે વૃક્ષ પુજા... બધાની પાછળ વિજ્ઞાન છે. ગૌ સેવા, કે તુલસી પુજા, કે પીપળા પૂજન, ગોરમા તેડવાં, કે ખોળો ભરવો, દરેક તહેવારોનું પણ એક અલાયદું ગણિત છે. જન્મ થી લઈને મરણ સૂધી, બધી જ ક્રિયાઓમાં કંઇકને કંઇક પ્રકૃતિની સેવા છે. કરોડો કિલોમીટર દૂર આવેલા સૂર્ય - ચંદ્ર ગ્રહણ ક્યારે થશે, એ સચોટ જાણનારા આપણાં પૂર્વજોએ જીવન શૈલિમાં ધર્મની સાથે, આધ્યાત્મ, પ્રકૃતિ પુજા એવી રીતે વણી લીધી, કે એની સીધી અસર જીવન પર પડે. દાખલા તરીકે ઘરમાં મંગળ કાર્ય થઈ રહ્યું હોય, ત્યારે આસોપાલવનાં તોરણ બાંધવામાં આવે. કેમ? કેમકે નેગેટિવિટી ન પેસે અને કાર્ય નિર્વિઘ્ન સંપન્ન થાય. ગાયના છાણ થી લીંપવામાં આવેલ જગ્યાની આસપાસ નકારાત્મક પ્રભાવ પડે નહીં, ઉપરાંત જીવ જંતુઓ પણ દુર ભાગે. ગૌ મૂત્ર નો છંટકાવ એટલે આજની ભાષામાં કહીએ તો સેનેટરાઇઝ...!

માતાજીના જીવન પર એક પુસ્તક લખીએ તો ય ઓછું પડે. કયારેક ફરી વાર એમનાં દિવ્ય વિચારોનો લાભ પામીશું.

માતાજી ભુવનેશ્વરીજીને સાડા ત્રણ વર્ષ થી અનુષ્ઠાન યજ્ઞ છે. અનાજ લેતાં નથી. ભજન - ભોજનની આહલેક જગાવે છે. હરિ હર તરફ પગલાં ભર્યા છે.

શિવ - શક્તિ જરૂર હરખાતાં હશે, જુવો, આપણી ઓખા કેવું સરસ કામ કરે છે.

એમ તો કૃષ્ણ પણ સરગાપુરીની અટારીએ ચડીને મલકાતા હશે,

આ જન્મે પણ રિંસાયેલાં રહો રાધા - ધારા- ગોપી... આવતાં જન્મે જરૂર મળશું.

તથાસ્તુ...!

સંભવામિ યુગે યુગે...!

કરમાંબાઈએ કૃષ્ણને ખીચડો ખવડાવવા માટે લવલેશ લીધી હતી, એમ આપણાં ગોપીબાઈ પણ જિદ્દે ચડ્યાં છે અને વર્ષો થી અનાજનો ત્યાગ કર્યો છે. એક દિવસ હરિ આવશે. આવશે જ. આવે કેમ નહીં ?

આવાં અવતારી માતાજીને ખુબ ખુબ વંદન. જય હો સાધુતા.

ઓમ નમો નારાયણ... હર હર મહાદેવ...

"या देवी सर्वभूतेषु शक्ति-रूपेण संस्थिता।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः॥"

-રમેશ ગોસ્વામી "સારથિ

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને ઉત્તરોત્તર પ્રગતિની નૂતનવર્ષની હાર્દિક

શુભકામનાઓ



શિવકથાના રસપાન માટે **મર્મજ્ઞ મહિલા શિવ કથાકાર**

પરમ આદરણીયશ્રી **માધુરીગીરી ગોસ્વામી**

સંગીતમય શૈલીમાં શિવકથા કરનાર

દરેક સમાજ તેમજ ગૌ-સેવાના લાભાર્થે કથા વિનામૂલ્યે વાંચી આપનાર

શિવ@SmileBank ''ખુશીઓની વહેંચણી''

મો.: ૯૮૨૫૯ ૩૧૧૮૮, ૯૬૨૪૫ ૭૭૬૮૮

શ્રી ગજાનન ચેરીટેબલ ટ્રસ્ટ

જય મહાકાળી, ગીતાનગર, એ.સી.સી. રોડ પાસે,
મુ. છાંયા, તા.જી. પોરબંદર-૩૬૦૫૭૮.

શિવકાથાકાર માધુરીગીરી ગોસ્વામી દ્વારા સંચાલિત

શ્રી શિવ-શક્તિ અન્નક્ષેત્ર

જામનગર-કાલાવડ રોડ.

સમાજ સેવા



પૂર્વ ઉપપ્રમુખ શ્રી મહાગુજરાત દશનામ ગોસ્વામી મહામંડળ,
પ્રમુખ શ્રી દશનામ ગોસ્વામી યુવક પ્રગતિ મંડળ, સુરત.

ગોસ્વામી **હરેશપુરી** કૈલાશપુરી

(નવું પા - હાલ સુરત)

દીપોત્સવી વિશેષાંક

ભાવનગર જિલ્લાના ગારિયાધર તાલુકાના નવું પા ગામના કૈલાશપુરી બાપુ દાયકાઓ અગાઉ ધંધાર્થે સુરતમાં સ્થાયી થયા. એ જમાનામાં સમાજને એક કરવા ખૂબ મહેનત કરી. બિલ્ડિંગ મટરિયલ સપ્લાયનું કામ શરૂ કર્યું. સમાજવાડી બનાવવાનું સપનું હતું,

એ પુરું કર્યું એમનાં પૂત્ર હરેશપુરીએ...



કૈલાશપુરી બાપુ - વિમળાબાને ત્રણ દીકરા. હરેશભાઈનો જન્મ 9-10- 1974 નાં. 12 ભણ્યા. આગળ ભણીને નોકરી કરવા કરતાં પિતાજીના ધંધામાં અઢાર વર્ષની ઉંમરે લાગી ગયા.

સમાજ પ્રેમી પરિવારમાંથી આવતા આવે છે, એટલે સમાજ પ્રત્યે અપાર લાગણી. 2007માં સુરત દશનામ ગોસ્વામી સમાજનાં પ્રથમ સમૂહ લગ્નોત્સવ યોજાયાં, એમાં તન, મન, ધનથી સમાજસેવા બજાવી. આથી સમાજનાં આગેવાનોએ નક્કી કર્યું કે સમાજનું સંચાલન હરેશપુરીને આપવું. આમ, 2008થી તેઓ નિર્વિવાદ અને બિનહરિફ પ્રમુખપદે સેવા આપે છે.

સુરત દશનામ ગોસ્વામી સમાજનું કંઈ પણ કામ હોય, હરેશભાઇ ખડે પગે તૈયાર હોય. એમની આગેવાનીમાં અનેકવિધ પ્રવૃતિઓ થતી હોય છે. પૂજ્ય ગિરિબાપુની કથા કરાવી. દાયકા પહેલાં પોણા કરોડથી ઉપર ખર્ચ આવ્યો. પણ અડીખમ પ્રમુખ સાહેબ બધે પહોંચી વળે. ઈતર સમાજમાં પણ વગ ધરાવે. ૨૦૧૪માં સમૂહ લગ્નોત્સવ યોજ્યાં. આ શાહી લગ્નોત્સવ અનેક રીતે અલગ હતાં. ભવ્ય સમારોહમાં એકવીસ દંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડયાં હતાં.

૨૦૧૮માં મહિલા મંડળને પ્રોત્સાહન મળે, એથી સ્ત્રી શક્તિને મહત્વ આપ્યું. સુરત જ નહીં, સમગ્ર ગુજરાત દશનામ ગોસ્વામી સમાજને શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું. મહિલાઓ લગ્ન પ્રસંગ વધુ સારી રીતે ઉકેલી શકે, એથી સ્ત્રીઓને આગળ કરવાની જરૂર છે. સુરત દશનામ ગોસ્વામી મહિલા મંડળ દ્વારા સુપેરે લગ્નોત્સવ યોજાયો.

પ્રમુખશ્રી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે એ માટે દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સરસ્વતી સન્માન સમારોહ યોજે છે, જેમાં સમાજનાં હોંશિયાર વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને ભેટ સોગાદો આપે છે. દિવાળી ઉપર દર વર્ષે સ્નેહ મિલન યોજે છે. સુરત દશનામ ગોસ્વામી સમાજવાડી બનાવવામાં સિંહફાળો આપ્યો. સતત દોડધામ કરીને પણ સમાજ વાડી બનાવી, નામ અપાયું કૈલાશ વાટિકા... સુંદર મજાની વિશાળ વાડીમાં અનેકવિધ પ્રવૃત્તિઓ થતી રહે છે.

એમનાં લગ્ન કુંભણ ગામનાં શિવગિરિ કાશીગિરિ ગોસ્વામીનાં દીકરી ઇલાબેન સાથે થયાં. બે સંતાન છે, ધ્રુવપુરી અને ધાર્વીબેન.

શ્રી દશનામ ગોસ્વામી યુવક પ્રગતિ મંડળ દ્વારા કંઈ કેટલીયે પ્રવૃતિઓ થતી હોય છે. હરેશપુરી બાપુ શ્રી સુરત દશનામ ગોસ્વામી યુવક પ્રગતિ મંડળનાં પ્રમુખ, ઉપરાંત મહા ગુજરાત દશનામ મહા મંડળમાં ઉપપ્રમુખ પદે સેવા આપે છે. મહા ગુજરાત દશનામ મહા મંડળમાં સુરત વિભાગમાં ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી રહ્યા છે.

મસ્ત મૌલા જેવા અલગારી માણસ હરેશ બાપુ આનંદવાળા માણસ છે. રાજકારણમાં જઈ શક્યા હોત, પણ પોતાનો બધો જ સમય સમાજને આપ્યો. પોતાનું વ્યક્તિગત નામ નહીં, પણ દશનામ સમાજનું નામ આગળ આવવું જોઈએ. એટલે બીજી કોઈ રાજકિય કે ધાર્મિક સંસ્થાઓમાં જોડાવાનું ટાળે છે. સમાજને એક થવા હાકલ કરે છે. શિક્ષણ, આરોગ્ય, ધાર્મિક, સમારોહ યોજતા રહે છે. વર્ષોથી પ્રમુખપદે છે, પણ કયાંય કોઈ ફરિયાદ ઉઠતી નથી. એનું કારણ છે એમનો નિર્મળ સ્વભાવ. કોઈ પણ વ્યક્તિ ગમે ત્યારે કૉલ કરી શકો. સમાજનાં આર્થિક રીતે નબળા માણસને હાથ પકડીને ઉપર લાવે છે. કંઈ પણ કામ હોય, તેઓ હંમેશા તત્પર હોય...

સંત સમાજમાંથી આવીએ છીએ, માટે ધર્મ પણ નિભાવવો જોઈએ. નવી પેઢી સમાજ પ્રત્યે લાગણી ધરાવે એ માટે કટિબધ્ધ છે.

સુરત દશનામ ગોસ્વામી સમાજ એક પરિવારની જેમજ રહે છે. બધાજ યથાશકિત તન-મન-ધનથી સહયોગ આપે છે.

કિશોરગિરિ બળદેવગિરિ ગોસ્વામી, ભરતપુરી સવાઈપુરી ગોસ્વામી, મહેશગિરિ અમરગિરિ ગોસ્વામી, મનોજગિરિ હરદેવગિરિ ગોસ્વામી, હરદેવગિરિ વનરાજગિરિ ગોસ્વામી, લલિતપુરી રામપુરી ગોસ્વામી સહિતના આગેવાનો સમાજ સેવા કરી રહ્યા છે.

પ્રમુખશ્રી જણાવે છે કે, બહુ તંત બલવંત..

ઓમ નમો નારાયણ.

-રમેશ ગોસ્વામી "સારથિ"

જે જતું કરી શકે એ લગભગ બધું જ કરી શકે.

દીપોત્સવી વિશેષાંક

શ્રી દશનામ ગોસ્વામી સમાજને દીપોત્સવી પર્વની

હાર્દિક શુભકામનાઓ



માતુશ્રી ગંગાબેન ઉમેદપુરી કરશનપુરી ગોસ્વામી



શ્રી રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી ''સારથિ''



શ્રીમતી ગીતાબેન રમેશપુરી ગોસ્વામી



શ્રી અશ્વિનપુરી ઉમેદપુરી ગોસ્વામી



શ્રી ધવલપુરી રમેશપુરી ગોસ્વામી



શ્રીમતી પૂજાબેન ધવલપુરી ગોસ્વામી



ચિ. મિતુલપુરી રમેશપુરી ગોસ્વામી



ચિ. રચનાબેન રમેશપુરી ગોસ્વામી



ચિ. આયુષપુરી રમેશપુરી ગોસ્વામી

:: શુભેચ્છક ::

શ્રી રમેશપુરી ઉમેદપુરી ગોસ્વામી

(મૂળ ગામ પલાંસવા, હાલે લાકડિયા, કચ્છ-વાગડ.)

તથા સમસ્ત કલ્યાણપુરી બાપુ પરિવાર

દીપોત્સવી વિશેષાંક

ફિલ્મ જગત



ગુજરાતી ફિલ્મ જગતના અવ્વલ દરજ્જાના ડાયરેક્ટર...

ગોસ્વામી વિજયગિરિ દલપતગિરિ (બાવા)

(ચાંણસોલ - અમદાવાદ)

કસુંબો જેવી ઐતિહાસીક ફિલ્મ ગુજરાત સહિત વિશ્વભરમાં ડંકો વગાડી રહી છે, ત્યારે આવો મળીએ ફિલ્મના ડાયરેક્ટર વિજયગિરિ બાવાને...

પહેલો સવાલ:-

વિજયભાઇ, બાવા કેમ લખો છો?

જવાબ:-

વેલ, એમાં એવું છે કે અમારા ગામમાં અમને બાવાનું સંબોધન કરતા. બાવા, તાત્પર્ય માનવાચક શબ્દ. બહુમાન. એટલે ગોસ્વામીની જગ્યાએ બાવા લખવાનું રાખ્યું. અલબત્ત, આપણે ગોસ્વામી છીએ જ. આમ, બાવા લખવાનું રાખ્યું...

વિજય ગોસ્વામીએ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં વૈવિધ્ય સભર વાર્તાઓ કહેવાનું જાણે કે બીડું ઝડપ્યું છે. ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રી - ઢોલીવુડ એટલે ગામડું, ડાંગ, બાપનો બદલો, વેરના વળામણાં, ગોરાંદે -સાજણ... બીબાઢાળ ફિલ્મોના કારણે ગુજરાતી સિનેરસિકો હિન્દી ફિલ્મો જોવાનું જ પસંદ કરવા લાગ્યા. એક બાજુ સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રી જ્વલંત સફળતા મેળવી ગઈ અને આ બાજુ ગુજરાતી ફિલ્મોના ડાયરેક્ટરર્સ જૂના વઘારમાં નવાં નામનો તડકો મારીને પીરસતા રહ્યા. પરિણામ? દર્શકોની ઉદાસીનતા. આ બધું ચચરતું વિજયભાઈને.:-



એકનું એક ક્યાં સુધી જોવાનું?

બાત નીકલી હૈ તો દુર તલક જાયેગી...ના ન્યાયે આપણે ડાયરેક્ટરના મૂળિયાં તપાસીએ.

ચાંણસોલ (ખેરાલુ, મહેસાણા) મઠની જાગીર 999 વીઘા જમીન અને 99 કૂવાની હતી. નાગા સાધુઓએ વસાવેલું ગામ. ચંદન સૌ થી વધુ થાય એટલે ચંદનનગરી હતું, જે અપભ્રંશ થઈને ચાંણસોલ થઇ ગયું. આ ગામમાં દશનામી સમાજના દલપતગિરિ- વાસંતીબેનનો ખેડૂત પરિવાર. ત્રણ દીકરા, એક દીકરી. સૌ થી મોટા દીકરા વિજયનો જન્મ ૨૪-૩-૧૯૮૭ના રોજ થયો. ગામડું, માટી, ધર્મ, મંદિરો, વહેવારો, તહેવારો... ટિપિકલ છોકરામાં કંઇક નવું આકાર લઈ રહ્યું હતું. દરમિયાન, પોસ્ટ ગ્રેજ્યુએશન પૂરું કર્યું. ભણીગણીને નોકરી કરીને અકરાંતિયાની જેમ આર્થિક ઉપાર્જન કર્યા કરવું આવું બ્લડમાં જ નહોતું. કંઇક કરવું હતું સ્પેશિયલ. વાર્તાઓ કહેવી હતી પોતાની આગવી શૈલિ થી. પોતાની નજરે દ્રશ્યો કંડારવાં હતાં. દશનામી ખેડૂત પરિવારના છોકરાને આ લાઇનમાં આવવાનો વિચાર આવવો એ જ મોટી વાત હતી. શરૂઆત ક્યાં થી કરવી?



સ્કૂલ, કૉલેજમાં પાયો નખાઈ ગયો હતો ડાયરેક્ટર તરીકેનો. રંગમંચ થી શ્રી ગણેશ કર્યાં.

ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ધરમૂળ થી ફેરફાર કરી નાખવા માટે પાપા પગલી ભરવી હતી. ફિલ્મ બનાવવી છે.... એવું કહે તો પણ લોકોને નવાઇ લાગે, એવા માહોલ વચ્ચેય "વિજય" મેળવ્યો. આજે તો ઢોલીવુડ "વિજયોત્સવ" મનાવી રહ્યો છે.

કોઇએ કહ્યું કે મુંબઇ થી શરૂઆત બેસ્ટ ઓપ્શન છે.

એટલે એક ઓળખીતા દ્વારા મુંબઈ પહોંચ્યા.

"માય ફ્રેન્ડ પિન્ટો" સંજયલીલા ભણસાલી પ્રોડક્શનની ફિલ્મમાં આસિસ્ટન્ટનું કામ મળ્યું, વગર પગારે...!

એમને બસ, અનુભવ મેળવવો હતો. થોડા સમયમાં જ બધું જાણી લીધું, સમજી લીધું. લાઇટ, કેમેરા, એક્શનના ભલકારા સાંભળી લીધા. હવે, પોતાની રીતે પોતાનો માર્ગ કંડારવો હતો. પણ અગેઈન, એજ સવાલ, કેવી રીતે?

કોઈ પણ ગોડફાધર વગર, કોઈની આંગળી પકડ્યા વગર આગળ વધવું સરળ નહોતું. પણ હાર માને એ "બાવા" બીજા...!

આમ, મુઠ્ઠી ભરીને સપનાં લઈને નીકળી પડ્યા, મરજીવા બનીને. ગજવું પૈસા થી નહીં, સમણાં થી ભર્યું હતું અને પૈસો કમાવવાની કયાં જીદ્દ હતી? ફિલ્મ બનાવવી છે. આ જ રટણ. પૈસો તો આડ પેદાશ રૂપે આવવાનો હતો અને આવે ત્યારે આવ્યો કહેવાય.

આમ, વિજય ગોસ્વામી સપનાંની ફાઈલ લઈને નીકળી પડ્યા.

એડ એજન્સીમાં જોબ કરી. ડિરેક્ટરની મોટી પોસ્ટ. સારું એવું રળી લેતા. સાથે સાથે મૈત્રીણી અને ધર્મપત્ની ટ્વિંકલબેનનો સુંદર સહયોગ. ટ્વિંકલબેન પણ જોબ કરે, એટલે આર્થિક ઉપાર્જન અટકે નહીં. ટિપિકલ પત્ની જેવો સ્વભાવ નહીં, કે પૈસા કમાઓ, ઘર ચલાવો, એવું નહીં. ખુલ્લું આકાશ આપી દીધું:-

જાઓ, ઉડો. સ્કાય ઇઝ ધ લિમિટ....!

એક સમય આવ્યો કે વિજયભાઇ પાસે આઠ - દશ લાખનું રોકાણ ભેગું થયું. અલબત, આટલા પૂરતા નહોતા જ. પણ પૈસા કરતાંય હૈયામાં હામ વધુ હતી. બીજું, તેઓ બોક્ષ ઓફિસ માટે ફિલ્મ નહોતા બનાવવાના. આર્ટ ટાઇપની ફિલ્મ. ચાલી તો ચાલી નહીં તો ગાંઠનું ગોપીચંદન જાય. ધબાય નમઃ થઇ જવાય. એવું નહોતું કે જેમ તેમ કરીને ફિલ્મ રિલીઝ કરી દો, અઠવાડિયામાં પાંચ - પચીસ ગણું રિટર્ન આવી જશે. ના, એવું તો કંઈ હતું જ નહીં. અહીં દર શુક્રવારે કંઇ કેટલાંયના ભાગ્ય રિલીઝ થતાં હોય છે, ખરબોનું ધોવાણ થઇ જતું હોય છે, જયારે વિજયગિરિ તો પાપા પગલી ભરતાં આવ્યા હતા.



વિષય કેટલાય હતા, પણ અલગ જ ઝોન પસંદ કર્યો અને લાભ પાંચમના દિવસે "પ્રેમજી " ફિલ્મનું મુહૂર્ત કર્યું. સાઉથની ફિલ્મોમાં સુકલકડી હીરો થપાટ મારીને એક સાથે કેટલાય ગુંડાઓને હવામાં ઉછાળે. આવા માચો મેનની ફિલ્મોમાં જ તાળીઓ પડે, નાણાં રળી શકાય. પણ આપણાં લેખના નાયક પહેલી જ ફિલ્મમાં બાયલા હિરો, ચાઈલ્ડ ટ્રાફિક ને એવું એવું લઈને આવ્યા હતા.

દીપોત્સવી વિશેષાંક

કહેવા વાળા પણ મળ્યા કે ગુરુ, આ રિસ્કનો ધંધો છે. પણ જેમ તેમ કરીને ફિલ્મ રિલીઝ કરી. અને પહેલે જ દિવસે ક્રિટીકસ ઓળઘોળ થઈ ગયા.:-

સુપર્બ. ફેટનાસ્ટિક. માઈન્ડ બ્લોઇંગ...!

આમ, ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પહેલું પગલું ભર્યું.



અંદર એક સ્ત્રી ધબકી રહી છે. તો "કસુંબો"માં સ્ત્રી પાત્રો સંવાદ વગર પણ સંવાદ કરી જાણે છે, કારણ? ડાયરેકટની દ્રષ્ટિ.

સતત કંઈક નવું કરવા ટેવાયેલા વિજય ભાઇ કહે છે:-

"બધાં પાત્રો મારાં પોતાનાં સ્વજન જેવાં છે. એમની સાથે પ્રેમ થઇ જાય છે. "કસુંબો"માં આઠસો વર્ષ પહેલાંનો યુગ ખડો કર્યો. એનાં પાત્રો અમર, સુઝાન, રણમલ... જાણે કે ભાઈબંધ બની ગયાં હતાં. આસપાસ ફરતાં હતાં...!"

ઢોલીવુડની આગુ સે ચલી આ રહી...પરંપરા તૂટી પડી હતી. પાલવડે બંધાણી પ્રીતડી અને ઝાડ ફરતે ગીતો ગાવાના, એ સિવાય જવલ્લે જ આગળ વિચારી શકતા આ ક્ષેત્રમાં નવી ખુશ્બુ પ્રસરી. લોકોએ નોંધ લીધી. આમ, પહેલી ફિલ્મ "પ્રેમજી"ને ખુબ પ્રેમ મળ્યો...

વિજયભાઇએ કહી દીધું કે ફિલ્મો મારા હિસાબે જ બનાવીશ. બોક્ષ ઓફિસના કલેક્શનના આંકડાના આધારે નહીં.

પછી તો મસોતું, 21મું ટિફિન, કસુંબો જેવી કેટલીયે અર્થ સભર ફિલ્મો બનાવી. એમની ફિલ્મોમાં સ્ત્રી દાક્ષિણ્ય પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે ઝીલાય. "21મું ટિફિન"માં બધાને જમાડતું સ્ત્રી પાત્ર પોતે જાણે કે ભૂખ્યું છે. "મસોતું"માં સ્ત્રી પાંખો ઝંખી રહી છે ઉડવાને. તો "પ્રેમજી"માં બાયલાપણું ભોગવતા પુરુષની



આગમી પ્રોજેક્ટ?

અમારા સવાલનો જવાબ આપતાં કહે છે:-

"નામ જાહેર નથી કરવું, પણ એક ફિલ્મની સ્ક્રિપ્ટ પર કામ આદર્યું છે."

આગામી સમયમાં વધુ એક વિચારતા કરી મૂકે એવી ફિલ્મ લઇને આવી રહયા છે. પરિવાર સાથે જરૂર થિયેટરમાં ફિલ્મ જોવા જજો.

ગણ્યા ગણાય નહીં એટલા એવોર્ડ્સ મળ્યા છે. એમાં તેર રાજ્ય સરકારના એવોર્ડ્સ, " 21મું ટિફિન " ઇન્ડીયન પેનોરમા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ સુધી ગાજી અને ગૂંજી હતી.

વિશ્વનાં ફિલ્મ સમીક્ષકોએ મોંફાટ વખાણ કર્યા હતાં. "21મું ટિફિન" ફિલ્મ વુમેન્સ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ, ટોરોન્ટો ઇન્ટરનેશલ ફિલ્મ ફેસ્ટિવલ, સહિત અનેક વૈશ્વિક પ્લેટફોર્મ પર સિલેકટ થઈ. બીજા પણ અનેક ફિલ્મોત્સવમાં આ ફિલ્મ ચર્ચાનું કેન્દ્ર બની. આર્ટ ફિલ્મમાં ગીત - સંગીતનું પણ યોગદાન હોય છે અને આવી સૂઝ જૂજ ડાયરેકટરર્સમાં હોય છે. બેક ગ્રાઉન્ડ પ્રકાશ, સંવાદ વખતે ઝીણું ઝીણું સંગીત, પહેરવેશ બધું જ મહત્વની ભૂમિકા ભજવે છે. એમાંય આઠસો વર્ષ પહેલાંના સમયકાળની વાત લઈને આવેલી "કસુંબો" ગુજરાતી બાહુબલી કહી શકાય. આટલા મોટા બજેટમાં ગુજરાતી ફિલ્મો જવલ્લેજ બને છે. હજારો માણસોની ટીમ. પાત્રના પરિધાન થી માંડીને સંવાદ બોલવાની લઢણ, શબ્દ, નાની નાની હરકતો... બધું જ કચડકે કંડારવું આસાન નથી.

વિજયભાઇની ઔર એક ફિલ્મ "મોન્ટુ ની બીટ્ટુ " હળવી ફૂલ લવસ્ટોરી છે. આ ફિલ્મ જોતાં કહી શકાય, ગુજરાતી ફિલ્મોના રોહિત શેટ્ટી એટલે વિજયગિરિ બાવા..!

ઢોલના ધ્રુસકે લગ્ન ગીતો ગવાય...

રંગ અને પ્રકાશના માણસ વિજયભાઇ દરેક દ્રશ્ય અલગ અંદાજમાં કહે છે. વાર્તા કહેવાની એમની પોતાની આગવી શૈલિ છે.

"આ મગજનો નહીં, હાર્ટનો વિષય છે."

આર્ટ અને હાર્ટના માણસ છે ભાઇ.

"કસુંબો" ઘોળાઇ રહ્યો હતો ત્યારે અનેક સમસ્યાઓ આવી. નાણાં થી લઈને, કોસ્યુમ, સેટ ડિઝાઇનથી લઈને એકસપ્રેશન સુધી... પણ સનાતન ધર્મને ટકાવી રાખવા કેવા કેવા ભોગ અપાયા છે એ વાત કહેવી જ હતી. બોલીવુડમાં જમણેરી ફિલ્મોને પ્રાધ્યાન નથી મળતું, પણ ગુજરાતમાં આ કામ કરી બતાવ્યું. આ ફિલ્મ માત્ર નથી, હિદુઓની ધરોહર છે. અત્યારે આ ફિલ્મ નોમીનેશન પ્રક્રિયામાં છે, આશા કરીએ શ્રેષ્ઠ ફિલ્મનો ખિતાબ જીતી જાય. આ ઉપરાંત અનેક એવોડ્ર્સ મળ્યા છે. મસ્ત ફકીરી જેવી ધૂન લઈને નીકળી પડ્યા છે એટલે બેન્ક બેલેન્સ કરતાં, અવનવી ફિલ્મો બનાવવી એ જ લક્ષ્ય છે.


ટ્વિંકલબેન પ્રોડ્યુસર. પૈસા કયાં કેટલા વાપરવા થી લઈને કોચ્યુમ સુધી બધું જ સંભાળે. શક્તિ રૂપેણ સંસ્થિતા. દરેક સફળ પુરુષ પાછળ સ્ત્રીનો હાથ હોય છે આ ઉક્તિ આ દંપતિને ત્રણ એટલી જ લાગુ પડે છે.

વિજયગિરિ ફિલ્મોસ્ નામની કંપની આજે ધમધમે છે. સમગ્ર ગુજરાત ગૌરવ લઈ શકે એવા ગરવા ગુજરાતી ગોસ્વામી સાહેબ તન, મન, ધન થી સમાજસેવા પણ કરે છે. સફળતા મેળવી લીધા બાદ પોતાનાં મૂળિયાં ભૂલ્યા નથી. ધર્મ, ધરોહર, સભ્યતા, સંસ્કૃતિના રક્ષક તરીકે કાર્યરત છે. એમની ખાસ ફિલ્મમાં મેસેજ હોય.

આવા અલગારી, વરણાગી ફિલ્મકારની ફિલ્મ આવે ત્યારે જરૂર સહ પરિવાર ફિલ્મ જોવા જજો... વંદન... અભિનંદન...

ઓમ નમો નારાયણ.

-રમેશ ગોસ્વામી "સારથિ



ભગવો સિંહ...!

(પૂજ્ય શ્રી ઈન્દ્રભારથી બાપુ)

ભગવો સિંહ બન્યો રે બાળ,
એની શિવ લેશે સંભાળ,
છે દૈત્યોનો એ કાળ..
ડમક ડમક, ડમ ડમ ડમરૂ બાજે,
ડમક ડમક , ડમ ડમ ડમરુ બાજે,
ઓમ નમઃ શિવાય...
હર હર મહાદેવ...
જય દશનામ...

દશનામી કુળમાં અવતર્યો,
એને ભસ્મનો શણગાર
એને ભભૂતનો શણગાર.
ભગવો રંગ અંગે ધરીને,
નીસર્યા રે આ વાર...
ડમક ડમક, ડમ ડમ ડમરૂ બાજે,
ડમક ડમક, ડમ ડમ ડમરુ બાજે,
ઓમ નમઃ શિવાય...
હર હર મહાદેવ...
જય દશનામ....

ઇન્દ્રભારથી નામ ધરાયો,
સનાતન ધર્મનો મોહ લગાયો,
ખપ્પર વાળો , છે ક્રોધાળો,
ત્રિશૂળ ધારી, છે રૂપાળો,
ધરજો હૈયે હામ...
ડમક ડમક, ડમ ડમ ડમરૂ બાજે,
ડમક ડમક, ડમ ડમ ડમરુ બાજે.
ઓમ નમઃ શિવાય...
હર હર મહાદેવ...
જય દશનામ...

હર નાદનો ધુણો ધખાવ્યો,
જ્યોત અપરંપાર,
એની ઝળહળ જ્યોત અપાર
" સારથિ"નાં દુઃખડાં હરજે,
કરજે બેડો પાર...
ડમક ડમક, ડમ ડમ ડમરૂ બાજે,
ડમક ડમક, ડમ ડમ ડમરૂ બાજે.
ઓમ નમઃ શિવાય..
હર હર મહાદેવ...
જય દશનામ..

-રમેશ ગોસ્વામી "સારથિ

દીપોત્સવી વિશેષાંક

યોગ



યોગમાં રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ **દશનામની એક દીકરી** ભગવો અને ત્રિરંગો ફરકાવી રહી છે...

ગોસ્વામી ફાલ્ગુનીબેન સુભાષગિરિ મનહરગિરિ

(નવાગામ, જામનગર - હાલ સુરત)

યુગો યુગોથી યોગ ભારતીય સભ્યતાનો અહમ હિસ્સો રહ્યો છે. સનાતન ધર્મમાં વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, ગીતાજી તથા, જ્યોતિષ શાસ્ત્ર, આર્યુવેદ, વિમાન શાસ્ત્ર, યોગ.. એમ ઘણું બધું છે. યોગ એ જીવનનો એક મહત્વનો, જીવન શૈલિનો ભાગ રહ્યો છે. યોગ ભગાડે રોગ. બાબા રામદેવે યોગને વિશ્વ પટલ પર મૂક્યો, એ પહેલાં પણ ઘણાં નામી-અનામી લોકોએ યોગને વૈશ્વિક પ્લેટફોર્મ પર મૂક્યો છે. દુનિયા આજે યોગની મહત્તા, મહાત્મ્ય સમજી ગઈ છે.

યોગને વૈશ્વિક પ્લેટફોર્મ પર મૂકવામાં દશનામની એક બાળા પણ યથોચિત મહેનત કરી રહી છે, ત્યારે આવો મળીએ યોગ ટીચર ફાલ્ગુનીને...



મૂળ કાલાવડ (જામનગર)ના સુભાષગિરિ મનહરગિરિ ગોસ્વામી બાપુ ધંધાર્થે સુરતમાં સ્થાયી થયા. સાઇકલની દુકાન. સુભાષભાઇ, કવિતાબેનને બે સંતાન. દીકરીઓ. મોટી દીકરી ફાલ્ગુનીનો જન્મ ૧૭-૧૦-૧૯૯૯નાં. નાનપણ થી જ ભણવામાં અવ્વલ. એમાંય યોગની વાત આવે એટલે નાની બાળા સૌ થી આગળ આવે. ત્રીજા ધોરણ થી યોગની ધૂન લાગી...

અલબત્ત, આ સિક્યોર ફિલ્ડ નહોતું જ. યોગમાં કારકિર્દી બનાવવી એટલે ગાઈડ વગર હિમાલય પર્વત ચડવો. આટલું અઘરું કામ. પણ શરૂઆત થઈ ગઈ, એટલે પારોઠના પગલાં ભરવાં નથી, એમ મનોમન નક્કી કરીને ફાલ્ગુનીએ યોગમાં જ આગળ વધવાનું મન બનાવી લીધું. યોગ યુનિવર્સિટીમાં થી બિ. એસ. સી, વાય. ટી. ટી. ટી.કર્યું. એમ. એ. પણ કર્યું. ઋષિકેશ, ઉતરાખંડ (વિશ્વ સંસ્કૃત વિશ્વ વિદ્યાલય), એમ અલગ અલગ સંસ્થાનોમાં યોગનું શિક્ષણ મેળવ્યું. હમેશાં અવ્વલ નંબરે આવવાની જીદ. આમ, બાળપણનો શોખ કારકિર્દી બની ગયો.

આજે ફાલ્ગુની એચ. ડી. જૈન મોર્ડન સ્કૂલમાં યોગ ટીચર છે.

બાર જેટલા રાષ્ટ્રીય એવોર્ડ્સ મળ્યા છે. ઉજ્જૈન, ગોવા, એમ જ્યાં પણ યોગની વાત હોય, ત્યાં શ્રેષ્ઠ આપ્યું. બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ મળ્યા છે. 2019માં યોગ સ્પર્ધામાં બાવીસ દેશોએ ભાગ લીધો હતો, એમાં ભારત બીજા ક્રમે રહ્યો હતો. ભારત તરફ થી ફાલ્ગુનીએ દેશને રિપ્રેઝંટ કર્યો હતો. 2023માં વર્લ્ડ યોગ સ્પર્ધામાં 26 દેશોએ ભાગ લીધો હતો, એમાં પણ ફાલ્ગુની બીજા નંબરે આવી હતી. મિડિયા અને ખાસ તો ભારતીય માનસ ક્રિકેટને જ પ્રાધાન્ય આપે છે, યોગમાં વૈશ્વિક પ્લેટફોર્મ પર પરચમ લહેરાવનાર બ્રેકિંગ ન્યૂઝ ક્યારે બનશે?



ખેલો ઇન્ડિયામાં ટેકનિકલ ઓફિસરની ફરજ બજાવે છે. 36 નેશનલ યોગમાં કોચની ભૂમિકા ભજવે છે. રેફરી પણ બન્યાં અને જજ પણ નિમણુક પામ્યાં.



એક અલગ જ ફિલ્ડમાં પોતાની રીતે પોતાનો માર્ગ કંડાર્યો. અફકોર્સ, અનેક પ્રકારના પડકારો પણ ઝીલ્યા. પણ જીતવું એ જ લક્ષ્ય, એટલે સફળતા મળે જ. અનેક માન સન્માન, એવોર્ડ્સ મળ્યા છે. સતત આગળ વધવું એ જ ધ્યેય...

દશનામ ગોસ્વામી સમાજનું ગૌરવ એવાં ફાલ્ગુનીબેન, ઉતરોતર પ્રગતિ કરો એવી હાર્દિક શુભકામનાઓ.

વેલ ડન ફાલ્ગુની.

વી પ્રાઉડ ઑફ યુ...

ઓમ નમો નારાયણ.

- રમેશ ગોસ્વામી "સારથિ

શ્રી દશનામ ગોસ્વામી સમાજને
દીપોત્સવી પર્વની
હાર્દિક શુભકામનાઓ



:: શુભેચ્છક ::

શ્રી લલિતપુરી રામપુરી ગોસ્વામી

(મૂળ ગામ રબારિકા, જામજોધપુર, હાલ સુરત)

તથા સમસ્ત નારણપુરી બાપુ પરિવાર

દીપોત્સવી વિશેષાંક

સમાજ સેવા



શ્રી મહા ગુજરાત દશનામ મહા મંડળ, કચ્છ પ્રદેશના મહિલા મંડળના પ્રમુખશ્રી

ગોસ્વામી મીનાબેન દિનેશગિરિ ચમનગિરિ

(ખેડોઈ - ગાંધીધામ)

નેવુના દાયકામાં એક દશનામી તરુણી હવામાં ગોળીબાર કરી રહી છે અને ખુલ્લી આંખે સપનું જુવે છે કે મોટી થઇને પોલીસ બનવું...! પણ...

વિધાતાને કંઈક બીજું જ મંજૂર હતું, એટલે પોલીસ તો નહીં, પણ એ તરુણી મોટી થઇને સમાજનાં પ્રમુખપદે સર્વાનુમતે વરણી પામ્યાં અને આજે સમાજ સેવાની આહલેક જગાવી રહયાં છે.

વાત છે મહા ગુજરાત દશનામ મહા મંડળ, કચ્છ પ્રદેશના મહિલા પ્રમુખશ્રી મીનાબેનની..

મોરના ઇંડા ચીતરવાં ન પડે એ ન્યાયે મીનાબેન પણ સમાજ સેવિકા બન્યાં, એમાં એમનાં મૂળિયાં કારણભૂત છે.

ખેડોઈના કેશવગિરિ રેવાગિરિ ગોસ્વામી બાપુ - રંજનબાને ચાર સંતાન. ત્રણ જોગમાયાઓ અને એક દીકરો. બીજા નંબરની દીકરી મીના નાનપણ થી જ ખંતીલી. સ્વપ્નિલ. બાહોશ. નીડર. ગાંધીધામની એમ. પી. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં દશમું ધોરણ પાસ કર્યું. પપ્પા આર્મીમાં મેડિકલ ઓફિસર, એટલે હથિયારો નજીકથી જોયાં. ઓળખ્યાં. પરખ્યાં. આમ કરતાં પોલીસ બનવું... જક્કી વલણ અપનાવ્યું. ટ્રેનીંગ પણ લીધી. જો બધું સમું સુતરું પાર પડ્યું હોત તો આજે મીનાબેન મોટાં પોલીસ અફસર, કે આર્મી ચીફ હોત... પણ મીના બેનનાં જીવનની વાર્તામાં વળાંક આવ્યો અને ઘર, પરિવારના વિરોધ વચ્ચે સપનું ખૂલ્લી આંખોમાં ધરબી દીધું....!

હા, પિતાજી દીકરીની સાથે હતા. કહેતા કે જા દીકરા, જે બનવું હોય એ બનો. એથી બેન શ્રી ઘોડેસવારી પણ શીખ્યાં અને ડ્રાઈવિંગ પણ શીખ્યાં.

સતર વર્ષની નાનકડી ઉંમરમાં લગ્ન થઈ ગયાં,

દિનેશગિરિ ચમનગિરિ ગોસ્વામી બાપુ સાથે. જીવની બીજી ઇનિંગ શરૂ થઈ. આ દંપતિને બે સંતાન છે હેમાંગી, હર્ષાલી. મોટી દીકરી હેમાગીનાં લગ્ન ભૂજોડીનાં ખુશાલગિરિ હેમંતગિરિ ગોસ્વામી સાથે થયાં છે. ખુશાલગિરિ અત્રેનાં ઐતિહાસિક મંદિરના પૂજારી છે. એક દીકરો છે, દક્ષાર્થગિરિ.

મીનાબેનના પતિ દિનેશગિરિ દુબઈમાં મોટી કંપનીમાં જોબ કરે છે. દુબઈ સેટલ થવા કરતાં પાંજો કચ્છડો ભલો...

ગાંધીધામના કૈલાશ ધામમાં મંદિર બન્યું, એમાં મૂર્તિ દાતા બન્યા અને ધર્મ વાહકની ફરજ બજાવી. જાહેર જીવનમાં ધીમે ધીમે



પદાર્પણ કર્યું. પદ, કે નામના કરતાં કામ વધુ વહાલું છે એમને. ગાંધીધામ દશનામ ગોસ્વામી મહિલા મંડળનાં પ્રમુખ પદે વરણી થઈ, શ્રી મહા ગુજરાત દશનામ મહા મંડળ, કચ્છ પ્રદેશના મહિલા મંડળનાં પ્રમુખ પદે વરણી થઈ. અનેક રીતે સમાજ સેવા બજાવી રહ્યાં છે. સમૂહ લગ્નોત્સવ હોય કે શિક્ષણ, આરોગ્ય,ધાર્મિક, કોઇ પણ કાર્યમાં તન, મન, ધન થી સહયોગ આપે. પૂનમબેન જાટના "અડીખમ ગ્રૂપ "માં અડીખમ બનીને અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરે. કયારેક ફ્રૂટ લઈને અજાણ્યા દર્દીઓની ખબર અંતર પૂછવા જાય, તો કયારેક સમાજની દીકરીઓને જાગૃત થવા અડીખમ હાકલ પાડે. તો વળી કયારેક ભાવેશ્વર મંડળમાં કિર્તન - ધૂનની રમઝટ પણ બોલાવે.

દશનામ ગોસ્વામી સમાજનાં આગેવાનો દ્વારા ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું ત્યારે આપણાં લોક લાડીલા બેન શ્રી બેટ લઈને મેદાનમાં ઉતર્યા હતાં અને ફટકાબાજી કરી હતી, તો બોલિંગ કરીને હરિફ ટીમને હંફાવી હતી. આશાપુરા ઇલેવન ટીમ જીતી ગઈ હતી. મીનાબેન જણાવે છે કે, હાર - જીત સેકન્ડ બાબત છે. નિર્દોષ આનંદ મહત્વનો છે. દશનામનાં દીકરી, એટલે ધર્મને ટકાવી રાખવા ભગવો ભેખ લહેરાવે જ. અનેક ભક્તિ સભર આયોજનો કરે. ભાજપામાં સક્રિય ભૂમિકા ભજવી રહયાં છે. વીમા ઉતરાવવા માટે દીકરી સાથે ઘેર ઘેર ફરીને મહેનત કરી. કચ્છ જિલ્લા ભાજપાએ નોંધ લઇને વિશેષ સન્માન કર્યું હતું.

કોરોના કાળમાં નીડર બનીને ટિફિન ભરીને નીકળી પડતાં દિન - દુઃખીયાંની આંતરડી ઠારવા. આમ કરતાં એમને કોરોના થયો. પણ ગરીબોના આશિર્વાદ થી બચી ગયાં. આદિપુરમાં શ્રી દશનામ ગોસ્વામી સમાજ વાડીમાં પ્રમુખ શ્રી અમૃતગિરિ પ્રેમગિરિ ગોસ્વામી બાપુ સહિતના આગેવાનોએ સરસ કામગીરી બજાવી હતી.

નવરાં પડે એટલે ઓટલા પરિષદ ભરવા કરતાં નાની- મોટી સેવાને મહત્વ આપે. કિર્તન, સમાજ સેવા જેવી પ્રવૃતિઓ કરે. આ સતત ચાલતો સેવાયજ્ઞ છે, જેની યાદી બહુ લાંબી બને.

મહિલા મંડળનાં પ્રમુખ સ્થાને થી બેન શ્રી સમાજની દીકરીઓને ખાસ સંદેશ આપે છે કે કોઈ માન - મર્યાદામાં જીવજો. માતા - પિતાની,સમાજની આબરૂ જાય એવું કોઇ ખોટું પગલું ભરવું નહીં.

કચ્છમાં કયાંય પણ દશનામ ગોસ્વામી સમાજની કોઈ પણ સામાજિક પ્રવૃત્તિ હોય, સમૂહ લગ્નોત્સવ, કે શિક્ષણ કાર્ય, બેન શ્રી અચૂક યથાશક્તિ ફાળો આપે છે. ગાંધીધામ સમૂહ લગ્નોત્સવમાં બે વખત કન્વીનર બન્યાં ને સેવા બજાવી.

ઉપરાંત મીનાબેન દીકરીઓને સપનાં જોવાનું પ્રોત્સાહન આપે છે. પોતે તો મનગમતી કારકિર્દી બનાવી શક્યાં નહીં, પણ સમાજની દીકરીઓ દરેક ક્ષેત્રમાં આગળ આવે એવું ઈચ્છે છે.

ઓમ નમો નારાયણ

- રમેશ ગોસ્વામી "સારથિ"

ઈતિહાસ





- રમેશપુરી યુ. ગોસ્વામી 'સારથિ'
લાકડિયા, ભચાઉ (કચ્છ)

દશનામી નાગા સન્યાસીઓની જૂની તસવીર...

શાસ્ત્ર - શસ્ત્ર બંનેમાં પારંગત સેના એટલે દશનામ નાગા સંન્યાસી સેના. દશનામ સમાજની સ્થાપના જ ધર્મનાં પ્રચાર, પ્રસાર જ અર્થે આદિ જગદગુરુ શંકરાચાર્યજી દ્વારા કરવામાં આવી હતી. શાસ્ત્રની સાથે શસ્ત્રની પણ તાલીમ આપવામાં આવતી. મુગલોનું આક્રમણ મંદિરો પર જ સૌથી પહેલું થતું, ત્યારે હર હર મહાદેવના નાદ સાથે ત્રિશૂળ લઈને દશનામીઓ કૂદી પડતા. ધર્મનાં રક્ષણ કાજે લીલાં માથાં દીધાં છે. પલાંસવામાં (વાગડ) પાંચસો નાગા બાવાઓએ પ્રાણોની આહૂતિ દીધી હતી. ભુજમાં પાંચસો સાધુઓએ જીવ કુરબાન કર્યો હતો ધર્મને બચાવવા.

કચ્છ રાજવી જાડેજા બાપુને "બાવા" શબ્દ ભેટ આપ્યો, આજે પણ કચ્છના રાજવીઓ બાવા કહેવાય છે. બાવા એટલે બાપ.આવા તો અનેક દાખલાઓ છે, જે ઈતિહાસમાં ધરબાઈ ગયા છે. પુજાની સાથે સાથે તલવારો પણ તાણી છે. આહલેક જગાવવાની સાથે સાથે હરિહરની હાકલ પણ પાડી છે.   જય દશનામ. હર હર મહાદેવ...

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને દીપોત્સવીની

હાર્દિક શુભકામનાઓ



શ્રી અમૃતગિરિ પ્રેમગિરિ ગોસ્વામી

પ્રમુખશ્રી

શ્રી અખિલ કચ્છ દશનામ ગોસ્વામી સમાજ

(પધ્ધર, અંતરજાળ.)

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને દીપોત્સવીની

હાર્દિક શુભકામનાઓ

શ્રી મહેશગિરિ બાબુગિરિ ગોસ્વામી

પેઈન્ટર પરિવાર (જેતપુર)

ફૂલવાડી, રામજી મંદિર રોડ, જેતપુર-૩૬૦ ૩૭૦.

M.: 98258 63831

વૃદ્ધાશ્રમ





દીકરાનું ઘર :
નિરાધાર વડીલોના સવાયા દીકરા બનીને સુંદર કામગીરી બજાવતા...

ગોસ્વામી જયદેવભારથી નટવરભારથી

(કુવાદરા - ગાંધીનગર)

માનવ સેવા એજ પ્રભુ સેવા...
આ મંત્ર લઈને ચાલતા આપણાં એક ભાઇને આવો મળીએ.

અનાથ, તરછોડાયેલાં, અપમાનિત થયેલ, કે કોઈ પણ જાતનાં દુઃખોથી ત્રસ્ત બની ગયેલાં વડીલો માટે કાળજી લેવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે ભાઇશ્રી જયદેવભારથીએ.

માણસા તાલુકાના કુવાદરા ગામનાં મહાદેવનાં પુજારી ભારથી બાપુ મહાદેવની પૂજા કરે અને પંચાયત રેવન્યુમાં પટાવાળાની નોકરી કરે. નટવરભારથી બાપુ, કમળાબાને ચાર સંતાન. ત્રણ જોગમાયાઓ અને એક પૂત્ર. જયદેવનો જન્મ તારીખ 6-2-1978નાં. કોમર્સ આર્ટ, પાંચ વર્ષ ફાઈન આર્ટનો

અભ્યાસ કર્યો. પાણી પુરવઠા વિભાગમાં કોન્ટ્રાકટર તરીકે ફરજ બજાવે છે. તેમજ સંદેશ ન્યૂઝ ચેનલમાં રિપોર્ટર તરીકે કામ કરે છે.

પણ લાગણી ભીના માણસ, એટલે દિન, દુઃખિયાની સેવા કરે. આમ તો અનેકવિધ પ્રવૃતિઓ કરે, સમૂહ લગ્નોત્સવ, શિક્ષણ, આરોગ્ય, ધાર્મિક બધું જ કરી છૂટે, સમાજનું કંઈ પણ કામ હોય, તન, મન, ધનથી સહયોગ આપે. પણ નિરાધાર વડીલોના કિસ્સાઓ સાંભળીને, જોઇને મન વિચલિત થઈ જાય. તરછોડાયેલા વૃધ્ધ માણસો ક્યાં જાય? એટલે સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી, જેમાં કંઇ કેટલીયે સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહે છે. પાંચેક વર્ષ થી ચાલતો આ સેવાયજ્ઞ હવે વધુ વિસ્તાર પામી રહ્યો છે. આ દશેરાનાં દિવસે વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ ખુલ્લું મુકાયું. આ વૃધ્ધાશ્રમની ખાસિયત એ છે કે અહીં વડીલોને પોતાના ઘર જેવું વાતાવરણ મળશે. દરેક વ્યક્તિને પર્સનલી મળીને શ્રી જયદેવ બાપુ સકારાત્મક ઉર્જા પ્રદાન કરશે. કયારેક બે મીઠા શબ્દો પણ જીવવા માટે પ્રેરક બળ આપતા હોય છે. વડીલોને એમનાં ઘેર જવું હોય, તો પણ એમને સંસ્થા દ્વારા ઘેર ફરવા લઈ જશે. પણ અહીં આવ્યા બાદ કોઈને ઘરની યાદ જ નહીં આવે એવી કાળજી રાખવામાં આવશે. સવાયા દીકરા બનીને સુંદર કામગીરી બજાવવી એજ લક્ષ્ય છે.



જયદેવ ભાઇનાં લગ્નઃ ખણુસા ગામનાં સુખદેવપુરી ગોસ્વામીનાં દીકરી મીનાબેન સાથે થયાં. બે સંતાન છે, મહિમાબેન અને શુભમ.

અનેક સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાનોમાં જોડાયેલા છે. અનેક નાના-મોટા સન્માન મળ્યાં છે. પણ આ બધાની પરવા કર્યા વગર તેઓ નિરાધાર વૃધ્ધોની સેવામાં લાગ્યા રહે છે.

આ માટે અલગ અલગ સંસ્થાઓ સાથે વાત કરીને, વધુમાં વધુ સંખ્યા થાય એવા પ્રયત્નો કરી રહ્યા છે. સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટની સુંદર કામગીરી છે, કોરોના કાળમાં ખૂબ સેવા બજાવી. કુદરતી આપદા વખતે તેઓ મરજીવા બનીને નીકળી પડે છે સેવા કરવા. માત્ર આર્થિક ઉપાર્જન કર્યા કરતા લોકોને પ્રેરણા લેવી જોઇએ.

દશનામ ગોસ્વામી સમાજથી આવે છે, એટલે ધર્મની ગળથૂથી તો મળી જ હોય, માટે ધર્મપ્રેમી તરીકે પણ ભગવો લહેરાવે છે.

જયદેવ બાપુ જણાવે છે કે, "દશનામ સમાજના લોકોને ગાંધીનગરમાં કંઈ પણ

કામ હોય, ત્યારે જરૂર મળવા આવજો."

શિક્ષણ, આરોગ્ય, સામજિક કાર્ય બાબતે ગાંધીનગર જાઓ, તો જરૂર મળજો. મળવા જેવા માણસ છે.

"સમાજમાં એકતાની જરૂર છે. એકતા વગર ઉધ્ધાર નથી. એકબીજાના પગ ખેંચવામાં સમય વેડફિયે, એનાં કરતાં એકમેકનો હાથ પકડીએ. આ જ સમયની માંગ છે."

આગેવાનો સમાજમાં નવી પ્રવૃત્તિ કરતા લોકોને પ્રોત્સાહન આપે એ પણ જરુરી છે. સનાતન ધર્મની એકતાની વાત તો જ કરી શકીએ, જયારે સમાજમાં એકતા હોય.

માનવતાની પરબડી ચલાવતા આ અલગારી માનવને વંદન હો.

ખાસ વિનંતી છે કે આપણે વ્યસન થી દુર રહીએ. આપણે શિવપુજારી છીએ, શિવઅંશી છીએ. આખી દુનિયામાં આપણો એકજ સમાજ એવો છે કે સીધો સંબંધ ભગવાન ભોળાનાથથી છે. જગત પિતા મહાદેવનાં સીધી લીટીનાં વારસદારો છીએ, માટે સૌ પોત પોતાના સ્થાને થી શિવ તત્વનો મહિમા વધારે. ભગવો ભેખ ખભે, માથે રાખે...

આ બહુ મોટી વાત છે. આપણને ભગવો જન્મ સાથે મળ્યો છે. ભગવા વાળા છીએ, તો ભગવું જીવન જીવીએ.

હર હર મહાદેવ. ઓમ નમો નારાયણ.

-રમેશ ગોસ્વામી "સારથિ"

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને દીપોત્સવીની

હાર્દિક શુભકામનાઓ



ગોસ્વામી **રમેશગિરિ** કરશનગિરિ

(ગુંદિયાળી, મુન્દ્રા.)

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને

દીપોત્સવી પર્વ નિમિત્તે નૂતનવર્ષની

હાર્દિક શુભકામનાઓ



ઓમ નમો નારાયણ

અરૂણાબેન પી. ગોસ્વામી

Aru'z Kitchen

To Subscribe YouTube Channel

PRESS this Button

YouTube

aruzkitchen aruzkitchen AruzKitchen AruzKitchen AruzKitchenChat

સાધુતા



દશનામી સાધુએ આંબાને શ્રાપ આપીને આંબલી બનાવી નાખી...!

દશનામ સમાજની સ્થાપના આદિગુરૂ શ્રી શંકરાચાર્યજીએ ધર્મની હાકલ પાડવા માટે કરી હતી, એ આજે પણ અવિરત પણે ચાલુ છે. આપણે જગત પિતા મહાદેવને પ્રાણથી પણ વધારે ચાહીએ છીએ. દશનામ સમાજને ભારતના ઈતિહાસમાં જોઈએ એટલું સ્થાન, મહત્વ મળ્યું નથી. કોઈ પણ સ્વાર્થ વિના પેઢી દર પેઢીથી શિવ પૂજા કરીને શિવતત્વનો મહિમા ગાયો. ઇસ્લામનું આક્રમણ વધ્યું ત્યારે સૌ થી વધુ ભોગ બન્યાં મંદિરો અને એના પૂજારીઓ.

શિવની ભક્તિ બધા કરી શકે, પણ પૂજા માત્ર દશનામી જ કરી શકે. પૂજા અને ભક્તિ... ફર્ક છે. દશનામી જન્મજાત સંત છે.

ગીરી પુરી ને ભારથી ઉતારે શિવની આરતી

દશનામમાં અનેક સિધ્ધ સંતો થયા. આવા જ એક સિધ્ધહસ્ત અલખના ઓલિયા મહાપુરુષ એટલે ભભૂતગિરિ બાપુ. આમ તો અનેક પરચાઓ પૂર્યા, પણ બહુ ચર્ચિત પરચો એટલે 108 આંબાને આંબલીઓમાં પરિવર્તન કરાવ્યું. કેરીઓની જગ્યાએ કાતરા બનાવ્યા. કોઈ અબૂધ માનવે કહ્યું હશે, બાવાઓ શું કરી શકે? ત્યારે પ્રકૃતિ ને પણ ફેરવી નાખી હતી. ચમત્કાર કરી ને ત્યાં જ જીવંત સમાધિ લીધી.ત્યાર બાદ એમનાં

શિષ્ય થયા, લટ્ટુરગિરિ. એ પણ સિધ્ધ સંત થઈ ગયા. ગુરુ - શિષ્યની ચેતન સમાધિઓ આજે પણ જાગૃત છે અને આસપાસ આંબામાં થી આંબલી બનાવી હતી , એ ઝાડવાં મુક સાક્ષી બનીને ઊભાં છે.

વાત છે ગામ વાસાવડની. તે વખતે આ ગામ કુકાવાવમાં આવતું. વાસાવડ માથે રા' વિકાજી સરવૈયાની આણ ફરકતી તે સમયની આ વાત.

એક તરફ ક્ષત્રિયોનું રાજ તપતું હતું, તો બીજી બાજુ સાધુ, સંતોનું ભગવું સામ્રાજ્ય તપતું હતું.

ગૌડી નદિને સામે કાંઠે, ભુભતગિરિ, લટ્ટુગિરિ જેવા અવધૂત સાધુઓની સમાધિઓ, બાજુમાં ગુપ્તેશ્વર મહાદેવ મંદિર, ખળખળ વેહતી નદી, ધુણામાંથી નીકળતો દિવ્ય ધુમાડો.. વાતાવરણને પ્રફુલિત બનાવે છે.

સૈકાઓ પહેલાંની વાત છે. વાંક દેખા માણસોએ વિકાજી સરવૈયાને કાન ભંભેરણી કરી. જગ્યામાં આંબાઓનો મબલખ પાક ઉતરે છે એવું કહ્યું. આથી આંબાઓ માંથી પોણો ભાગ દઇ દેવાના રાજનો હૂકમ છૂટ્યો. ગૌડી નદીને આંબાવાડીમાં મધમીઠી કેરીઓનો અઢારેય આલમનાં મનખ સ્વાદ માણતા.

પણ આ વાત બ્રાહ્મણોને પચતી નહીં. વાસાવડ ગામમાં નાગર બ્રાહ્મણ રાજનો વહીવટ સંભાળતા. મબલખ પાક જોઇ બ્રાહ્મણોએ બાવાજી પર ઇર્ષાવશ થઈ કેરીઓનો પોણો ભાગ લેવા માટે વિકાજીના કાન ભંભેર્યા. એક દિવસ વિકાજી બ્રાહ્મણોની વાતમાં આવી ભભૂતગિરિનાં ધુણે પહોંચ્યા. ભભૂતગિરિ બાપુએ રાજાનું સ્વાગત કર્યું ને આંબા પરથી તાજી ઉતારેલ કેરીઓ સામે ધરી. બાજુમાં યુભેલા બ્રાહ્મણે ઇશારો કર્યો. રાજા કેરી ખાઇને બોલ્યા:-

"આ કોના આંબા છે બાપુ"

બાપુ એ કીધું:-

"આશ્રમની આંબાવાડીના. પશુ, પક્ષીથી લઈને ગામનો દરેક નાગરીક તથા અમારા સંતો ઉપયોગ કરે છે. હરનો પ્રસાદ છે રાજવી. બધાને સરખે ભાગે મળે."

બ્રાહ્મણનો ઈશારો થયો એટલે રાજાએ કહ્યું:-

"એ બધું ઠીક છે, પણ હવેથી આનો ઉપયોગ બધા માટે નથી. તમારે જે જોઈએ તે રાખીને બીજી કેરીઓ દરબાર ગઢમાં મોકલી દેવી. કેરીઓ પર રાજનો હક્ક છે."

ભભૂતગિરિબાપુ સમજી ગયા, નક્કી બ્રાહ્મણનો ચાળો છે.:-

"રાજન, આ તો અલખનો ઓટલો છે.અહીં તો રાજા ને રંક, બધાં માટે કેરીઓ ઉગે છે. તમે તમ તારે આવજોને કેરીઓ ખાવા. આનંદની વાત છે. અમારે સાધુઓને નાત જાતના ભેદ હોય નહીં. જે આવે તે અમારો સગો "

વિકાજી આકરા થયા:-

"એ હું કંઈ ન જાણું. કેરીઓ દરબાર ગઢમાં પોચતી કરજો, નહીં તો વાડી બાળીને ભસ્મ કરી દઈશ."

પલીતો ચાંપ્યો હતો એ બ્રાહ્મણ વચ્ચે

બોલ્યો:-

"બાવાજી, તમારા કરતાં રાજાને વધારે ખબર પડે. માટે આદેશનું પાલન કરો ને રાજને પોણો માલ પોચાડો. બહુ લબલબાટી કરી લીધી. હવે રાજ આદેશનું પાલન કરો."

બાવાજી હજી શાંત હતા:-

"અરે ભાઇ, હુ તને કયાં કવ છું. હુ તો વિકાજીને કવ છું. કે આ પેટ ભરવા પૂરતું છે. આનો કોઈ વેપાર નથી કરતું. ને આનો પોણો ભાગ તમે માંગો છો એ અન્યાય કહેવાય. માટે આવો કાયદો ધુણા માથે ન હોય. આતો અલખના આંબા. બધા માટે છે. રાજનો એકલાનો ભાગ ન હોય. માટે મેહરબાની કરી આ જીદ છોડી દો."

પણ વિકાજીને બ્રાહ્મણની વાતમાં જ રસ હતો:-

"બાવાજી, જુઓ આજનો દિવસ આપું છું, બાકી કાલે ધુણા ઊઠાવી લેજો. ને કાં ભાગ આપી જજો. બાકી હવે રાજ કાર્યવાહી થશે. પછી ચકલા ન ચુંથતા...!"

ને...અવધૂત જોગીડાની ભ્રકૃટી બદલાઈ. આંખો લાલઘુમ થઈ ગઈ. જટામાંથી પરસેવો ટપકવા લાગ્યો. ક્રોધથી હોઠ ધ્રુજવા લાગ્યા. ત્રાડ નાખી:-

"વિકાજી, હજુ માનો તો સારું છે."

વિકાજીએ લપ લીધી હતી:-

"સો વાતની એક વાત, રાજને ભાગ દો. કાં ધુણો ને વાડી બંધ કરો."

ભભૂતગિરિ બાવાએ સિંહ જેવી ડણક દીધી.:-

"બસ.વિકાજી, આપ નિર્દોષ છો. આપ ભાન ભુલ્યા છો. બ્રાહ્મણો સાંભળો, તમને આ આંબા નડે છે ને? આંખમાં કણાની જેમ ખુંચે છે ને?

તમને આંબા નો હોય. તમે આંબલીને લાયક છો.

તમને કેરીઓ ના હોય, તમે કાતરાને લાયક છો...!

જાવ મારો શ્રાપ છે. આ આંબા આંબલી થાઓ, ને કેરીઓ કાતરા થાઓ....!"

અને રૌદ્ર રૂપ ધારણ કરીને તાંડવ કરતા સાધુથી ડરીને આંબા, આંબલી બની ગયા...!

આ ઘટના બાદ ભભૂતગિરિ બાપુએ ત્યાં જ જીવતાં સમાધિ લીધી.

આ ઘટના બાદ સારસ્વત બ્રાહ્મણને અને રાજવીને ભાન થયું.

તેમના શિષ્ય લટુરગિરિએ પણ ત્યાં જ જીવતાં સમાધિ લીધી. હાલ પણ અહીં દશ, બાર આંબલીઓ ઊભી છે. આ જગ્યામાં હાલે મહારાજ બુધ્ધગિરિ બાપુ પુજા કરે છે, ભભૂતગિરિના વંશજ છે.

આ ઘટનાની સાક્ષી પૂરે છે આંબામાંથી શ્રાપ પામીને બની ગયેલ આંબલીઓ, આજે પણ કેરીઓ નહીં, કાતરા જ ઉગે છે...!

દશનામી સાધુઓનો ચાળો કર્યો એ ગયો કામથી...!

- રમેશ ગોસ્વામી "સારથિ"

દીપોત્સવી વિશેષાંક

શ્રી મોરિયા ગણપતિ મંદિર ચિંચવડ (મહારાષ્ટ્ર)



ગણપતિ બાપ્પાને મોરિયા કેમ કહેવાય છે ?

મોરિયા નામના ગણપતિ બાપ્પાના મહાન સંત ભક્ત થઇ ગયા, એમની ગણેશ ભક્તિ અનન્ય હતી. કર્ણાટકના અને ત્યારબાદ અલગ અલગ રાજ્યોમાં ધર્મનો પ્રચાર, પ્રસાર કરનારા મહાન સંત અને બાપાના પરમ ઉપાસક મોરિયા ગોસ્વામીને ગણપતિ બાપાએ વરદાન આપ્યું હતું કે જ્યાં મારૂં નામ લેવાશે ત્યાં તારું નામ પણ સાથે હશે. 14મી શતાબ્દીમાં કર્ણાટકના બિદર ગામમાં થયો.

મોરિયા ગોસ્વામી શાલિગ્રામએ 42 દિવસ સુધી ઘોર તપસ્યા કરી હતી. અમદાવાદના સિદ્ધિવિનાયક મંદિર, ચિંચવડ, મોરેગાંવ, સહિત અનેક જગ્યાઓમાં તપ કર્યું હતું. ચિંચવડ (પિંપરી) નગર નિગમના રેકૉર્ડ અનુસાર જૈફ વયે પવન નદીના કિનારે માગસર, છઠ્ઠ, 1561ના રોજ જીવતાં સમાધિ લીધી. એમના પુત્ર ચિંતામણી ગોસ્વામીએ સ્થાન પર બનાવ્યું. આજે પણ આ ભવ્ય ઈતિહાસ વાળા મંદિરમાં દેશ, વિદેશથી ભક્તો દર્શન કરવા આવે છે. મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે ગણપતિની મૂર્તિ મોરિયાજીના માથા પર રાખવામાં આવી છે. નોંધ મળે છે કે આ મૂર્તિનું નિર્માણ 27 ઓકટોબર, 1658 ના શરૂ કર્યું હતું તથા 13 જૂન, 1659ના પૂરું થયું. દશનામ ગોસ્વામી સમાજની સંસારી સાધુ પરંપરામાંથી આવતા મોરિયાજીને ગણપતિ બાપ્પાએ દર્શન દીધાં હતાં. પેઢી સાત પેઢીની રચનાઓ ઉપલબ્ધ છે. ચિંચવડ એમનાં નામ પર સડક, બગીચો છે.

ત્યારથી બોલાય છે,

ગણપતિ બાપ્પા મોરિયા.
મંગલમૃતિ મોરિયા.

- રમેશ ગોસ્વામી "સારથિ"

દશનામ
સરક્યુલર

માસિક ગુજરાતી ઈ-મેગેઝિન

દર મહિને અંક પ્રાપ્ત કરવા માટે

વોટ્સએપ ગ્રુપ JOIN

ટેલિગ્રામ ચેનલ JOIN

ગુગલ ડ્રાઈવ CLICK

INTERNET Archive
ગુજરાતી **ઓડિયો** સાથે. CLICK

શ્રી સમસ્ત દશનામ ગોસ્વામી સમાજને
દીપોત્સવીની
હાર્દિક શુભકામનાઓ



ગોસ્વામી સમાજનાં **દાનવીર કર્ણ**

એક હજાર દીકરીઓને **સોનાનું દાન** આપીને રેકોર્ડ બનાવનાર...!

ગોસ્વામી કરણપુરી લખમણપુરી

(ગામ ચરાડા, તા. માણસા, હાલે ભાણવડ) તરફથી....